


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 286
Dt.: 22-08-2025, Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


ગઈકાલે લોકસભામાં થયું હતું પાસ

# રાજ્યસભામાં ભારે હોબાળા વચ્ચે ‘ઓનલાઈન ગેમિંગ બિલ’ પસાર

### વિવિધ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હવે દેશમાં ઓનલાઈન સટ્ટાબાજી દંડનીય ગુનો ગણાશે. લોકસભા બાદ હવે આજે (૨૧ ઑગસ્ટ) રાજ્યસભામાં પણ ઓનલાઈન ગેમિંગ બિલ પસાર કરી દેવાયું છે. એવું કહેવાય છે કે, આ બિલને મંજૂરી મળ્યા પછી સરકાર ઓનલાઈન સટ્ટાને પ્રોત્સાહન આપતી એપ્સ અને તેનું માર્કેટિંગ કરનારી હસ્તીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે.

ગૃહમાં ભારે હોબાળા વચ્ચે ઓનલાઈન ગેમિંગ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. જેને મંજૂરી મળી ગઈ છે. વિવિધ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે લોકસભામાં ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગુલેશન બિલ રજૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, ગત ૧૧ વર્ષમાં ડિજિટલ ટૅક્નોલૉજી ખૂબ ઝડપથી ફેલાઈ રહી છે.

નવી ટૅક્નોલૉજી વિકસિત થઈ છે અને તેના કારણે દેશની એક નવી ઓળખ પણ બની છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ આગળ વધી રહ્યા છે. ટૅક્નોલૉજીના અનેક લાભ છે, પરંતુ તેનું એક સેક્ટર એવું છે ઓનલાઈન ગેમિંગ, જે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સેક્ટર બન્યું છે.

ગેમિંગ સેક્ટરમાં ત્રણ સેગમેન્ટ છે. પહેલું સેગમેન્ટ છે ઈ-સ્પોર્ટ્સનું સેગમેન્ટ, જેમાં સ્ટ્રેટેજિક થિંકિંગ વધે છે અને વ્યક્તિ ટીમમાં કોઓર્ડિનેશન કરવાનું શીખે છે. બીજું સેગમેન્ટ છે ઓનલાઈન સોશિયલ ગેમ્સ. આપણે સૌએ ચેસ, સોલિટેયર, સુડોકુ જોઈ છે.આ એજ્યુકેશન, મેમરી વધારવા માટે પણ ઉપયોગી છે. ત્રીજું સેગમેન્ટ એવું છે, ઓનલાઈન મની ગેમ્સ, જે આજે સમાજમાં મોટી ચિંતાનો વિષય બન્યું છે. અનેક એવા પરિવારો છે, અનેક એવા વ્યક્તિઓ છે, જેમણે ઓનલાઈન મની ગેમ્સના કારણે એક એડિક્શન થઈ જાય છે. જીવનભરની કમાણી આવી બચત ગેમમાં ઉડાવી દેવામાં આવે છે. ફ્રૉડ અને ચીટિંગ, અલ્ગોરિધમ્સ એવા હોય છે કે ખબર જ ન પડે કે કોણ કોની સાથે રમત રમી રહ્યું છે. અલ્ગોરિધમ્સ ઓપેક... અલ્ગોરિધમ્સ હોય છે, હાર નક્કી થઈ જાય છે. અનેક પરિવાર નષ્ટ થયા, એક્સટ્રીમ કેસ થયા, સુસાઈડ પણ થયા.

કર્ણાટકમાં ૩૧ મહિનામાં ૩૨ સુસાઇડ થયા છે. આનાથી નક્કી થાય છે કે મની ગેમિંગના કારણે સીરિયસ ઈમ્પેક્ટ આવી રહી છે.

મની લૉન્ડ્રિંગ થઈ રહ્યું છે, ટેરર સપોર્ટ થઈ રહ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ઓનલાઈન ગેમિંગનું ડિસઓર્ડર એક નવું જાહેર કર્યું છે. આ બિલમાં બે ભાગ છે.

ત્રણ સેગમેન્ટમાંથી બે સેગમેન્ટ - ઈ સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમિંગને સરકાર પ્રમોટ કરવા ઈચ્છે છે. ઈ-સ્પોર્ટ્સ અને સોશિયલ ગેમિંગને પ્રોત્સાહન આપવા માટે ઑથોરિટી બનાવવા, ગેમ મેકર્સને મદદ કરવા અને યોજનાઓ બનાવવાની વાત કરી. પરંતુ જ્યારે સમાજ અને સરકારના રેવેન્યુની વાત આવે છે, આ બંને વચ્ચે વડાપ્રધાન મોદીએ હંમેશા સમાજને ધ્યાનમાં રાખ્યો છે. મધ્યમ વર્ગીય પરિવારોને જ પ્રથમ રાખ્યા છે. વડાપ્રધાન મોદીએ તેના પર ક્યારે સમજૂતી નથી કરી અને આ બિલમાં પણ સમાજને જ પ્રાથમિકતા આપવામાં આવી છે.

સમાજમાં એક જે ખૂબ મોટી નબળાઈ આવી રહી છે, તેનાથી બચવા માટે આ બિલ લવાયું છે. આ બિલને સર્વસંમતિથી પસાર કરવાની માગ કરાઈ છે. જો કે, બિહાર જૈંઈ પર ચર્ચાની માગને લઈને વિપક્ષ હોબાળાના કારણે આ બિલ પર ચર્ચા શરુ થઈ શકી નથી. આ બિલ વગર ચર્ચાએ ધ્વનિમતથી પસાર કરાયું અને ત્યારબાદ સ્પીકર ઓમ બિરલાએ લોકસભાની કાર્યવાહી ૨૧ ઑગસ્ટના દિવસે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી દીધી.

ઈન્ડિયા એલાયન્સ ઉમેદવાર સાથે દેખાયા રાહુલ ગાંધી

## ઉપરાષ્ટ્રપતિ પદ માટે બી સુદર્શન રેડ્ડીએ ભર્યું ઉમેદવારી પત્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિયા એલાયન્સના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ગુરુવારે (૨૧ ઓગસ્ટ) પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. આ દરમિયાન કૉંગ્રેસ નેતા સોનિયા ગાંધી, સાંસદ રાહુલ ગાંધી, સમાજવાદી પાર્ટીના નેતા રામગોપાલ યાદવ અને સંજય રાઉત સહિત તમામ વિપક્ષી નેતાઓ હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં સુદર્શન રેડ્ડીનો સામનો એનડીએ ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન સાથે થશે.

ચાર ઉમેદવારીપત્રો દાખલ કરવામાં આવ્યા છે, જેના પર કૉંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, ડીએમકેના તિરુચી શિવ અને ૧૬૦ સાંસદોએ પ્રસ્તાવક અને સમર્થક તરીકે સહી કરી છે. સુદર્શન રેડ્ડી સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને ગોવાના લોકાયુક્ત છે. હવે બંને પક્ષોના ઉમેદવારોએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી નોંધાવી છે. એનડીએના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણને ગઈકાલે ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન તેમની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કિરેન રિજિજુ, ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા, જ્યાં પીએમ મોદી પ્રથમ પ્રસ્તાવક બન્યા હતા. તમને જણાવી દઈએ કે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ છે. ભારતીય ચૂંટણી પંચ (ECI) એ તેની ચૂંટણી માટે જાહેરાત કરી છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીની તારીખ ૯ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે.

જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું ત્યારથી તેની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીના નામાંકન વિશે માહિતી શેર કરી છે. તેમણે સુદર્શન રેડ્ડીના નિવેદન ધરાવતો પત્ર શેર કર્યો છે.

## સીજેઆઈનો સરકારને સવાલઃ તો શું કોર્ટ હાથ બાંધીને ઊભી રહે અને કહે કે અમે શક્તિહિન છીએ?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચે આ મામલે રાજ્યપાલ માટે સમયમર્યાદા નક્કી કરી હતી. આ અંગે રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ સંદર્ભ હેઠળ આપવામાં આવેલા બંધારણીય અધિકારનો ઉપયોગ કરીને સુપ્રીમ કોર્ટ પાસેથી ૧૪ પ્રશ્નોના જવાબ માંગ્યા છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બીઆર ગવઈની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની ૫ જજોની બેન્ચ આ સુનાવણી કરી રહી છે. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા આવી દલીલ આપવામાં આવી હતી, જેના પર સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે શું ચૂંટાયેલી સરકારને રાજ્યપાલના ભરોસે છોડી શકાય છે. જણાવી દઈએ કે રાજ્યપાલે તમિલનાડુ, કેરળ, પંજાબ જેવા રાજ્યોની વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલને પોતાની પાસે રાખ્યું હતું. હવે આ મામલો રાષ્ટ્રપતિ ભવન થઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટમાં રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને વિધાનસભામાંથી પસાર થયેલા બિલને મંજૂરી આપવા અથવા પાછું મોકલવા માટે ૯૦ દિવસની સમયમર્યાદા નક્કી કરવા પર રસપ્રદ ચર્ચા ચાલી રહી છે. રાષ્ટ્રપતિ તરફથી આ કેસમાં એક રેફરન્સ દાખલ કરવામાં આવ્યો છે અને હવે કોર્ટમાં તેના પર ચર્ચા થઈ રહી છે.

ગુરુવારે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સરકારનો પક્ષ રજૂ કરતા બંધારણના આર્ટિકલ ૨૦૦નો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, બંધારણની આ જોગવાઈ મુજબ રાજ્યપાલની સત્તા વ્યાપક છે અને તેમને વિવેકબુદ્ધિથી કોઈપણ બિલ પર નિર્ણય લેવાનો અધિકાર છે. રાજ્યપાલ બંધારણીય અને રાજકીય શિષ્ટાચારનું પાલન કરીને નિર્ણય લે છે અને તેના માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવી ખોટું છે. સરકારનો પક્ષ રજૂ કરતા તુષાર મહેતાએ કહ્યું કે, રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ એક બંધારણીય સંસ્થા છે. તે જ રીતે, કોર્ટ પણ બંધારણીય સંસ્થા છે. સવાલ એ છે કે એક બંધારણીય સંસ્થા પોતાના બરાબરની બીજી સંસ્થા માટે સમયમર્યાદા કેવી રીતે નક્કી કરી શકે?

ચીફ જસ્ટિસ ગવઈએ કહ્યું કે, જો કોઈ બંધારણીય સંસ્થા ભૂલ કરે તો તેમાં સમાધાનની જરૂર છે. આ કોર્ટ પણ બંધારણનો જ એક ભાગ છે. જો એક બંધારણીય સંસ્થા કોઈ યોગ્ય કારણ વગર પોતાનું કામ ન કરી રહી હોય, તો શું કોર્ટે એમ કહેવું જોઈએ કે અમે શક્તિહીન છીએ અને અમારા હાથ બંધાયેલા છે? અમારે કંઈક તો નિર્ણય લેવો જ પડશે.

મોદીએ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર તીખા પ્રહાર કર્યા

## વિપક્ષમાં ઘણા પ્રતિભાશાળી નેતાઓ છે, પણ તેમને મોકો મળતો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર તીખા પ્રહાર કરતાં કહ્યું કે, લોકસભામાં અનેક પ્રતિભાશાળી વિપક્ષી નેતાઓ છે, પણ રાહુલ ગાંધી તેમની વચ્ચે પોતાના વક્તવ્યથી તેમને બોલવા જ નથી દેતા. વડાપ્રધાને અનૌપચારિક રીતે જણાવ્યુ કે કૉંગ્રેસ જાણીજોઈને આવું કરે છે જેથી કોઈ નેતા બોલી ન શકે જે રાહુલ ગાંધી કરતાં વધુ અસરકારક હોય.

આ ટિપ્પણી પીએમ મોદીએ એનડીએના સાંસદો માટે આયોજિત એક ચા પાર્ટી દરમિયાન કરી હતી, જ્યાં કોઈ પણ વિપક્ષી સાંસદ ઉપસ્થિત નહોતા. પીએમના જણાવ્યા અનુસાર વિપક્ષના ઘણા નેતાઓ સારી બોલવાની કળા ધરાવે છે પરંતુ રાહુલ ગાંધી તેમને પ્રોત્સાહન આપતા નથી. પરિણામે, વિપક્ષી સાંસદો ઈચ્છતા હોવા છતાં સંસદની કાર્યવાહી ધોરણસર ચલાવવામાં અવરોધ ઉભો કરે છે. વધુમાં, લોકસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ માટે સ્થગિત થયા બાદ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ એક ટી પાર્ટીનું આયોજન કર્યું હતું જેમાં વડાપ્રધાન મોદી સહિત એનડીએના ઘણા નેતાઓ ઉપસ્થિત રહ્યા, પરંતુ વિપક્ષ તરફથી એકપણ સાંસદ હાજર રહ્યો નથી. ખાસ કરીને, લોકસભામાં વિપક્ષના નેતા તરીકે નિમાયેલા રાહુલ ગાંધી પણ હાજર રહ્યાં ન હતા. ગુરુવારે લોકસભા અને રાજ્યસભા બંને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી.

## અમેરિકાના ટેરિફ બોમ્બનો રશિયાએ છેદ ઉડાડ્યો!

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ ફક્ત એટલા માટે લગાવ્યો છે કારણ કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે. ટ્રમ્પની આ ખોટી નીતિની અસર જોવા મળી રહી છે અને રશિયા હવે ખુલીને ભારતને સપોર્ટ કરી રહ્યું છે તથા એક પછી એક ઓફર આપી રહ્યું છે. રશિયાના ભારતમાં ઉપવેપાર પ્રતિનિધિ એવગેની ગ્રિવાએ કહ્યું કે રશિયા ભારતને ક્રૂડ ઓઈલની ખરીદી પર વધુ પાંચ ટકાની મોટી છૂટ આપશે જે વાતચીતના આધાર પર નક્કી થશે.

રશિયાના સીનિયર ડિપ્લોમેટ રોમન બાબુશ્કિને એક અલગ નિવેદનમાં કહ્યું કે ભારતના સુદર્શન ચક્ર ડિફેન્સ સિસ્ટમના વિકાસમાં પણ રશિયા સામેલ થવા માંગે છે. રશિયા ઉપકરણોની રજૂઆત કરવા માંગે છે. અત્રે જણાવવાનું કે ગત અઠવાડિયે સ્વતંત્રતા દિવસ સમારોહના અવસરે દશને સંબોધિત કરતા પીએમ મોદીએ જાહેરાત કરી હતી કે ભારત એક નવી ડિફેન્સ સિસ્ટમ સુદર્શન ચક્ર વિક્સિત કરશે. રોમન બાબુશ્કિને પ્રેસ કોન્ફરન્સની શરૂઆત હિન્દીમાં કરી. તેમણે કહ્યું કે અમે શરૂઆત કરીશું. શ્રીગણેશ કરીશું. બાબુશ્કિને કહ્યું કે ભારત માટે રશિયા સૈન્ય હાર્ડવેરનો મનપંસદ ભાગીદાર છે. સુદર્શન ચક્ર જેવા પ્રોજેક્ટ્સમાં સહયોગની શક્યતા છે. વાત જાણે એમ છે કે રશિયાના દૂતાવાસના મિશન ઉપ પ્રમુખ રોમન બાબુશ્કિને એ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેમણે ભારતના આયર્ન ડોમ મિશન સુદર્શન ચક્ર ડિફેન્સ સિસ્ટમમાં રશિયાની ભાગીદારીની વાત કરી. તેમણે આશા વ્યક્ત કરી કે આ સિસ્ટમના વિકાસમાં રશિયાના ઉપકરણો સામેલ થશે. પ્રેસ કોન્ફરન્સમાં રોમન બાબુશ્કિને ભારત પર અમેરિકી ટેરિફ ઉપર પણ નિવેદન આપ્યું.

શુભાંશુએ કહ્યું- ભારત તૈયાર છે

## ડિસેમ્બરમાં ISRO લોન્ચ કરશે પહેલું ગગનયાન પરીક્ષણ મિશન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં મંગળવારે ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લા અને ઈસરોના પ્રમુખ વી. નારાયણને મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન, શુભાંશુએ ગગનયાન મિશન વિશે વાત કરતા કહ્યું કે, ટૂંક સમયમાં ભારત પોતાના રોકેટ અને કેપ્સ્યુલથી અંતરિક્ષયાત્રીઓને અંતરિક્ષમાં મોકલશે. તેમજ ઈસરો ડિસેમ્બર સુધીમાં પ્રથમ ગગનયાન પરીક્ષણ મિશન લોન્ચ કરશે.

શુભાંશુ શુક્લાએ ભારતની મહત્વાકાંક્ષી ગગનયાન મિશન વિશે વિગતવાર માહિતી આપી. તેમણે જણાવ્યું કે, આ ઈસરોનું પ્રથમ માનવ અંતરિક્ષ મિશન છે, જે અંતર્ગત ૨૦૨૭માં ભારતીય વાયુસેનાના ત્રણ પાયલટને અંતરિક્ષમાં મોકલવામાં આવશે. આ પાયલટ ૪૦૦ કિલોમીટરની ઊંચાઈએ પૃથ્વીની કક્ષામાં ત્રણ દિવસ રહેશે અને ત્યારબાદ હિન્દ મહાસાગરમાં સુરક્ષિત રીતે લેન્ડિંગ કરાવવામાં આવશે.

મિશનનો કુલ ખર્ચ આશરે ૨૦,૧૯૩ કરોડ રૂપિયા છે. ગગનયાનની તૈયારી માટે પહેલા બે ખાલી ટેસ્ટ ફ્લાઈટ મોકલવામાં આવશે, ત્યારબાદ એક ફ્લાઈટમાં રોબોટ મોકલવામાં આવશે. જ્યારે આ બધું સફળ થશે, ત્યારબાદ મનુષ્યોને અંતરિક્ષમાં મોકલવામાં આવશે. પોતાની વાતના અંતે તેમણે એમ પણ કહ્યું કે અંતરિક્ષમાંથી ભારત આજે પણ સારે જહાં સે અચ્છા લાગે છે.કાર્યક્રમમાં ઈસરોના પ્રમુખ વી. નારાયણન પણ ઉપસ્થિત હતા. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં ભારતની અંતરિક્ષ યાત્રાને નવી ગતિ મળી છે. ભારતે દક્ષિણ એશિયાઈ સેટેલાઈટ બનાવીને સભ્ય દેશોને સમર્પિત કર્યો. આ ઉપરાંત, ભારતે ૨૨૦ દેશો માટે પણ એક સેટેલાઈટ તૈયાર કર્યો.

નારાયણન વધુમાં કહ્યું કે, ૧૦ વર્ષ પહેલાં દેશમાં માત્ર એક સ્પેસ સ્ટાર્ટઅપ હતું, પરંતુ આજે ૩૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અંતરિક્ષ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. ખાનગી કંપનીઓએ અત્યાર સુધીમાં બે સબ-ઓર્બિટલ મિશન પૂરા કર્યા છે. આ દર્શાવે છે કે ભારતની સ્પેસ ઈકોનોમી સતત વધી રહી છે અને આવનારા વર્ષોમાં તેનો વધુ વિસ્તાર થશે.

ઈસરોના પ્રમુખે જણાવ્યું કે, ૩૦ જુલાઈએ જીએસએલવી-એફ૧૬ રોકેટે નાસા-ઈસરો સિન્થેટિક એપર્ચર રડારને સફળતાપૂર્વક કક્ષામાં સ્થાપિત કર્યું. આ ઉપગ્રહ સંપૂર્ણપણે યોગ્ય રીતે કામ કરી રહ્યો છે. આગામી બેથી ત્રણ મહિનામાં ભારત ૬,૫૦૦ કિલોનો અમેરિકન કમ્યુનિકેશન સેટેલાઈટ પણ પોતાના લોન્ચ વ્હીકલથી પ્રક્ષેપિત કરશે. આ પ્રકારનો સહયોગ માત્ર ટેકનિકલ દૃષ્ટિએ જ મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ તે આંતરરાષ્ટ્રીય સ્તરે ઈસરોની વધતી તાકાત અને ક્ષમતાને પણ દર્શાવે છે.






## મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ સાથે કરી ટેલિફોનિક વાતચીત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત હંમેશાથી યુક્રેન-રશિયા યુદ્ધને ખતમ કરવા અને શાંતિનું સમર્થક રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેન યુદ્ધ પર વાતચીતથી ઉકેલ લાવવાની વાત કરી હતી. પરંતુ તે સમયે અમેરિકા યુક્રેન સૌએ વાતચીતને ફગાવી હતી. રશિયાનું પણ કંઈક એવું જ વલણ હતું, પરંતુ હવે એક બાદ એક નેતાઓની વાતચીત શરૂ થઈ છે. રાષ્ટ્રપ્રમુખ પુતિને વડાપ્રધાન મોદીને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થયેલી વાતચીતની માહિતી આપી હતી. વડાપ્રધાન મોદીએ શાંતિ જાળવવાની વાત કરી છે. યુરોપીયન દેશ અને નાટો પણ શાંતિ લાવવાના પ્રયાસમાં લાગ્યા છે. ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે ફોન પર વાતચીત કરી હતી. બંને વચ્ચે યુક્રેન યુદ્ધ પર ચર્ચા થઈ હતી.

આ અંગે વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વાત કરતા કહ્યું કે, મારા મિત્ર રાષ્ટ્રપ્રમુખ મેક્રોન સાથે ખૂબ જ સારી વાતચીત થઈ. યુક્રેન અને પશ્ચિમ એશિયામાં સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલ માટેના પ્રયાસો પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. ત્યારે, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ મેક્રોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં લખ્યું કે, મેં હમણાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કરી. અમે યુક્રેનમાં યુદ્ધ પર પોતાની સ્થિતિની વાત કરી જેથી યુક્રેન અને યુરોપની સુરક્ષા માટે મજબૂત ગેરેન્ટીની સાથે ન્યાયપૂર્ણ અને સ્થાયી શાંતિને આગળ વધારી શકાય. વ્યાપાર સંબંધી મુદ્દાઓના સંબંધમાં અમે તમામ ક્ષેત્રોમાં પોતાના આર્થિક આદાન-પ્રદાન અને પોતાની રણનીતિક ભાગીદારીને મજબૂત કરવા પર સહમત થયા, જે આપણી સાર્વભૌમત્વ અને સ્વતંત્રતાની ચાવી છે. મેક્રોને વધુમાં લખ્યું કે, ગત ફેબ્રુઆરીમાં પેરિસમાં આયોજિત કૃત્રિમ બુદ્ધિમત્તા પર કાર્યવાહી શિખખ સંમેલન બાદ અમે ૨૦૨૬માં નવી દિલ્હીમાં આયોજિત થનારા કૃત્રિમ બુદ્ધિમત્તા પર શિખર સંમેલનની સફળતા માટે કામ કરી રહ્યા છીએ. વધુ અસરકારક બહુપક્ષીયતા માટે અમે G-7 ના ફ્રેન્ચ પ્રમુખપદ અને ૨૦૨૬ માં BRICS ના ભારતીય પ્રમુખપદને ધ્યાનમાં રાખીને નજીકના સંકલન પર સંમત થયા.

# તંત્રી લેખ......

## મહારાષ્ટ્રમાં ફરી એકવાર કંઈક મોટું થવાના એંધાણ

મહારાષ્ટ્રમાં ફરી કંઈક મોટું થવાની અટકળો શરૂ થઈ છે. કારણ કે, નાયબ મુખ્યમંત્રી અજિત પવારે ગુરુવારે (૨૧મી ઓગસ્ટ) મહારાષ્ટ્ર નવનિર્માણ સેના **(MNS)**ના વડા રાજ ઠાકરે અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેની મુલાકાત પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં સંવાદ જાળવી રાખવી એ એક પરંપરા રહી છે. વર્ધામાં પત્રકારો સાથે વાત કરતા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી (અજિત જૂથ)ના વડા અજિત પવારે કહ્યું કે ઘણાં નેતાઓ એકબીજાને અને મુખ્યમંત્રીને મળે છે, પછી ભલે તે નેતાઓ સત્તામાં હોય કે ન હોય. એકબીજા સાથે સંવાદ જાળવી રાખવો એ રાજ્યની પરંપરા છે. આ મુલાકાતને રાજકીય રંગ આપવાની કોઈ જરૂર નથી. નોંધનીય છે કે, **MNS**ના વડા રાજ ઠાકરેએ દક્ષિણ મુંબઈમાં તેમના બંગલો વર્ષા ખાતે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા, જેના કારણે રાજ્યના રાજકીય વર્તુળોમાં અટકળોને વેગ મળ્યો હતો. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (ઉદ્ધવ જૂથ) અને રાજ ઠાકરેની મનસેએ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય અને ટ્રાન્સપોર્ટ **(BEST)** ચૂંટણી સાથે લડી હતી, જેમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. બંને પક્ષોએ પહેલીવાર સાથે મળીને ચૂંટણી લડી હતી, જોકે, તેમનું સંયુક્ત પેનલ ૨૧ પદોમાંથી એક પણ પદ જીતી શક્યું ન હતું. રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે શિવસેના (ઉદ્ધવ જૂથ) અને **MNS** વચ્ચે સંભવિત ગઠબંધનની ચર્ચા ચાલી રહી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથેની બેઠક બાદ **MNS**ના વડા રાજ ઠાકરે કહ્યું કે, મહારાષ્ટ્રના શહેરોમાં પુનર્વિકાસ થઈ રહ્યો છે. વસ્તી વધી રહી છે..., ટ્રાફિક વધી રહ્યો છે... અને મોટી સંખ્યામાં લોકો અહીં આવી રહ્યા છે. મુંબઈમાં ટ્રાફિક એક મોટી સમસ્યા છે. લોકોને ટ્રાફિકના નિયમો ખબર નથી. તે ગમે ત્યાં પોતાના વાહનો પાર્ક કરે છે અને ચાલ્યા જાય છે. આજે મેં મુખ્યમંત્રી તેમજ મુંબઈ પોલીસ સાથે આ અંગે ચર્ચા કરી હતી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૭૪ અને ચાંદીના વાયદામાં રૂ.૪૮૩નો ઘટાડોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૧ની તેજી

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૩૮૯.૭૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૨૨૭૦.૫૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૬૯૦.૫૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૧૩૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૩૬૬૧.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૩૮૯.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૨૨૭૦.૫૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૧૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૬૦.૪૪ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૬૯૦.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૧૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૪૦૧ અને નીચામાં રૂ.૯૮૯૧૫ના મથાળે અથડાઈ, રૂ.૯૯૩૦૪ના આગલા બંધ સામે રૂ.૨૭૪ ઘટી રૂ.૯૯૦૩૦ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૫ ઘટી રૂ.૭૯૪૪૦ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૯૯૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૩ ઘટી રૂ.૯૮૬૪૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૦૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૨૦૬ અને નીચામાં રૂ.૯૮૭૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૦૮૦ના આગલા બંધ સામે રૂ.૨૭૯ ઘટી રૂ.૯૮૮૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૨૭૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૨૮૧૫ અને નીચામાં રૂ.૧૧૨૦૨૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૨૫૫૩ના આગલા બંધ સામે રૂ.૪૮૩ ઘટી રૂ.૧૧૨૦૭૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૫૧૩ ઘટી રૂ.૧૧૧૮૫૦ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૫૨૮ ઘટી રૂ.૧૧૧૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૯૯૬.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૨.૯૫ ઘટી રૂ.૮૭૦.૪૫ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૧.૩ ઘટી રૂ.૨૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૨૫ પૈસા વધી રૂ.૨૪૮.૯ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૧૭૯.૬ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૪૮૯.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૦૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૪૩ અને નીચામાં રૂ.૪૧૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૨૭ વધી રૂ.૪૨૪૦ થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૯૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૫૪ અને નીચામાં રૂ.૫૪૯૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૭૬ના આગલા બંધ સામે રૂ.૬૧ વધી રૂ.૫૫૩૭ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૫૮ વધી રૂ.૫૫૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૮ વધી રૂ.૨૪૩.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪.૫ વધી રૂ.૨૪૩.૫ના સ્તરે પહોંચ્યો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૫૦.૪ના ભાવે ખૂલી, ૪૦ પૈસા ઘટી રૂ.૯૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૦ના ભાવે ખૂલી, રૂ.૧૦ વધી રૂ.૨૬૩૭ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૧૧૧.૧૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૫૭૯.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૫૮૭.૨૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૨.૭૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૫.૬૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૮૦.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૧.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૫૦.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૨૬.૮૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૬.૭૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૬૧૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૭૦૦૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૬૮૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૫૮૮૫૯ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૯૭૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૪૭૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૭૫૬૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૦૮૭૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૪૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૦૪૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૫૨૩૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૩૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૪૯૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૦૩૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૧ પોઈન્ટ વધી ૨૩૧૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮ વધી રૂ.૨૦૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩ વધી રૂ.૭ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯ ઘટી રૂ.૩૫૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૦ ઘટી રૂ.૮૫૪.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૮ પૈસા ઘટી રૂ.૦.૫૯ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૭ પૈસા ઘટી રૂ.૦.૬ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦.૪ ઘટી રૂ.૧૭૪.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૨.૯ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧ વધી રૂ.૭૧૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૫.૫ વધી રૂ.૧૦૬૫.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા ઘટી રૂ.૨.૨ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૧ વધી રૂ.૨.૧ થયો હતો.

### પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ પૂર્ણ

# વડાપ્રધાનશ્રીના હસ્તે અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત રૂા.૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદના નિકોલ ખાતેથી તેઓ રૂા.૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ અમલમાં આવેલા આ પ્રોજેક્ટથી સ્લમ વિસ્તારોમાં રહેતા પરિવારોને આધુનિક સુવિધાઓ સાથે પોતાનાં સપનાનું નવું ઘર મળશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લાખો લોકોના જીવનમાં આશાનું નવું કિરણ આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ઈન સિટુ સ્લમ રિ-ડેવેલોપમેન્ટ ઘટક હેઠળ ગુજરાત રાજ્ય સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સ્લમ રિહેબિલિટેશન અને રિ-ડેવલપમેન્ટ પોલીસી-૨૦૧૩ અંતર્ગત અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનના સરદાર પટેલ સ્ટેડિયમ વૉર્ડમાં આવેલા રામાપીરના ટેકરાના નામે પ્રચલિત સ્લમ પૈકી સેક્ટર-૩માં રૂા.૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કુલ ૧૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું પુનઃવસન કરવાના કામનું લોકાર્પણ થશે. સમગ્ર ગુજરાત રાજ્યની વાત કરીએ તો, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૯.૬૬ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર આવાસો પૈકી ૯.૦૭ લાખ જેટલા આવાસોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ગુજરાત ને વર્ષ ૨૦૧૯માં વિવિધ કેટેગરીમાં કુલ ૬ અને વર્ષ ૨૦૨૨માં વિવિધ કેટેગરીમાં કુલ ૭ એવોર્ડ પ્રાપ્ત થયા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત સરકાર દ્વારા ૮,૪૩,૧૬૮ આવાસનો લક્ષ્યાંક મળ્યો છે, તે પૈકી કુલ ૬,૦૦,૯૩૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં સ્પીલ ઓવર આવાસો ૨,૭૮,૫૩૩ના લક્ષ્યાંક સામે ૦૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં ૩૯,૦૯૨ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. જ્યારે ૨,૩૯,૪૪૧ આવાસો પ્રગતિ હેઠળ છે, જે આગામી માર્ચ-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં આ યોજના હેઠળ રૂા.૮૯૩૬.૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત લાભાર્થીઓ પૈકી વર્ષ ૨૦૨૪-૨૫ના લક્ષ્યાંક મુજબ તેમજ ભવિષ્યમાં મળનાર લક્ષ્યાંક મુજબના લાભાર્થીઓને આવાસ બાંધકામમાં વધુ મદદરૂપ થવાના ઉમદા ઉદ્દેશથી ૧૦૦ ટકા રાજ્ય ફાળા અંતર્ગત આવાસના બાંધકામ માટે રૂફ-કાસ્ટ લેવલે રાજ્ય સરકાર દ્વારા રૂા.૫૦,૦૦૦ની વધારાની સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૩૪,૭૫૯ લાભાર્થીઓને રૂા.૧૭૩.૮૦ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે.



'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય' યોજના અંતર્ગત લાભાર્થીઓને અનેક લાભો મળ્યા

રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના' અંતર્ગત લાભાર્થીને પ્રથમ હપ્તો મળ્યેથી ૬ માસની અંદર આવાસ પૂર્ણ કરવાના કિસ્સામાં લાભાર્થી દીઠ રૂા.૨૦,૦૦૦ની વધારાની પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭૪,૯૩૦ લાભાર્થીઓને રૂા.૧૪૯.૮૬ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કુટુંબના મહિલા સભ્યોને ધ્યાનમાં રાખીને આવાસની સાથે સાથે બાથરૂમના બાંધકામ માટે લાભાર્થી દીઠ રૂા.૫૦૦૦ની વધારાની સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૨,૮૪૫ લાભાર્થીઓને રૂા.૪૧.૪૨ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત લાભાર્થીને મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે રૂા.૨૫,૯૨૦ મળવાપાત્ર થાય છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય બાંધકામ માટે રૂા.૧૨,૦૦૦ મળવાપાત્ર થાય છે. આમ, આ યોજના અંતર્ગત પણ લાભાર્થીને કુલ રૂા.૨,૩૨,૯૨૦ની સહાય મળવાપાત્ર થાય છે.

એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ યોજનામાં પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના અંતર્ગત શહેરી ગરીબો અને કામદારો સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા વર્ષ ૨૦૨૦માં જાહેરાત કરવામાં આવી હતી. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ **(ARHCs)** નીતિ જાહેર થયાથી ત્રણ માસમાં જ સુરત શહેરના સુડા વિસ્તારના નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને મોડેલ- ૦૧ અંતર્ગત ભાડાના મકાનમાં રૂપાંતરિત કરી પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

લાઈટ હાઉસ પ્રોજેક્ટ અમલીકરણમાં દેશભરના ૬ રાજ્યો પૈકી ગુજરાતનો સમાવેશ

ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ **(GHTC)** અંતર્ગત લાઈટ હાઉસ પ્રોજેક્ટ અમલીકરણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા ભારતભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬ રાજ્યો પૈકી ગુજરાતનો સમાવેશ થયો છે. ગુજરાતના રાજકોટ શહેરમાં ૧,૧૪૪ આવાસો ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રિટ કન્સ્ટ્રક્શન ટેક્નોલૉજીના ઉપયોગથી નિર્માણ કરવામાં આવ્યું છે.

# જોખમી હાટકેશ્વર બ્રિજને તોડવાની કામગિરી શરુ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આખરે અમદાવાદનો ભ્રષ્ટાચારી બ્રિજ હાટકેશ્વર બ્રિજને તોડવાની મૂહર્ત આવ્યું છે. આજથી હાટકેશ્વર બ્રિજને તોડવાનું કામ શરુ કરાયું છે. હાટકેશ્વર બ્રિજને છત્રપતિ શિવાજી મહારાજ બ્રિજ તરીકેનું નામ અપાયું હતું પણ તંત્રના ભ્રષ્ટાચારના કારણે આખરે આ બ્રિજ તોડવાનો નિર્ણય લેવાયો હતો. ભ્રષ્ટાચારી કામગિરી કરવાના કારણે બ્રિજનું બાંધકામ નબળુ હોવાનું બહાર આવ્યું હતું જેથી બ્રિજને બંધ કરી દેવાયો હતો.

અમદાવાદના હાટકેશ્વર બ્રિજને લઈ મોટા સમાચાર આવી રહ્યા છે. આખરે હાટકેશ્વર બ્રિજ તોડવાની કામગીરી શરૂ કરાઈ છે. સવારથી જ જેસીબી મશીનો દ્વારા બ્રિજને તોડી પાડવાની કામગિરી કરાઈ રહી છે. બ્રિજને તોડવાનું શરુ કરાતા સ્થાનિક રહિશો પણ સ્થળ પર એકત્રીત થઈ ગયા હતા. અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ ભ્રષ્ટાચારનો મોટો પુરાવો છે અને તેના કારણે બ્રિજનું બાંધકામ હલકી કક્ષાનું હતુ અને નબળું હતું જે લોકો માટે જોખમી પણ હતું. બ્રિજની હાલત ખરાબ હોવાથી બ્રિજને છેલ્લા ત્રણ વર્ષથી બંધ કરી દેવાયો હતો. લગભગ ૪૨ કરોડના ખર્ચે આ બ્રિજનું નિર્માણ કરાયું હતું.

ઉલ્લેખનિય છે કે હાટકેશ્વર બ્રિજને ૨૦૧૫માં બનાવાનું કામ શરુ કરાયું હતું અને ૨૦૧૭માં પુલની કામગિરી પૂર્ણ થઈ હતી. જો કે ત્યારબાદ બ્રિજના બાંધકામ વિશે અનેક સવાલો ઉઠ્યા હતા અને તેથી કોર્પોરેશન દ્વારા અલગ અલગ એજન્સીઓ પાસેથી બ્રિજની ચકાસણી કરાઈ હતી. બ્રિજની ચકાસણીમાં પણ આ બ્રિજ હલકી કક્ષાનો અને તેનું બાંધકામ યોગ્ય રીતે ના થયું હોવાનું બહાર આવ્યું હતું

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### સુસાઈડ નોટમાં કર્યો ખુલાસો

# રાજકોટમાં વધુ એક ઈન્ફલુએન્સર જન્નત મીરે આપઘાતનો પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં વધુ એક સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર જન્નત મીરે ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના પહેલાં તેણે એક સુસાઈડ નોટ લખી હતી, જેમાં તેણે લાલો ઉર્ફે ઈમ્તિયાઝ રાઉમા નામના વ્યક્તિના ત્રાસનો ઉલ્લેખ કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મીડિયામાં જન્નત મીર તરીકે જાણિતી યુવતીનું નામ સમા ભાયાણી છે અને તેના પથી વધુ ફોલોવર્સ છે. ત્રણ પાનાંની સુસાઈડ નોટમાં જન્નત મીરે જણાવ્યું હતુ કે ઈમ્તિયાઝ તેને 'તોફાની રાધા' ની જેમ મારી નાખવાની ધમકી આપતો હતો. આ મામલે જન્નત અને ઈમ્તિયાઝ વચ્ચે થયેલી વાતચીતનો એક ઓડિયો પણ સામે આવ્યો છે. પોલીસે આ ઘટના અંગે જન્નત મીરની ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. તારા દીકરા જેવી તારી લાડકી દીકરી (સમા) જન્નત, સોરી મમ્મી... જીવાતું હતુ એટલું જીવી લીધું. મને માફ કરી દેજો, હવે મારામાં સહન કરવાની તાકત પૂરી થઈ ગઈ છે. દુનિયામાં છોકરી માટે જીવવું અને રહેવું કામનું નથી. તમારી દીકરી દર એક એક સમયે લડી લડીને સાવ તૂટી ગઈ છે. મને આ પગલું ભરવા મજબૂર કરી નાખી છે. આટલા દિવસથી એકલી સહન કરતી હતી. તમને ટેન્શન આપવા માગતી ન હતી, પણ મને હવે માફ કરી દેજો, મારી ભૂલના કારણે આપણા ઘરે તે આવ્યો અને ખેલ કર્યા. મારી ભૂલના કારણે તમને ગાળો બોલી હતી. એના ખોટા પ્રેમમાં પડી હું તેના ઉપર ખોટો વિશ્વાસ કરી બેઠી અને છેલ્લા ૨ મહિનાથી હું સહન કરતી હતી, પણ હવે સહન કરીને હું હારી ગઈ છું. મને એમ હતું કે આપણે કેસ કર્યો તો આપણને ન્યાય મળશે, પણ ના, એ લોકો ગુંડા છે એ મને અત્યારે ફોનમાં ધમકી આપી છે અને મને કીધું છે તું પેલીસ પાસે જા કે CP પાસે, મારું કોઈ શું કરી લેશે. ઓલીને મેં મારી નાખી છે એમ તને મારી નાખીશ, તારા છોકરાને મારી નાખીશ. એના હાથે મરવું એના કરતા હું મારા હાથે મરી જઉં. હું મરી જાઉં તો મારા પ્રિન્સનું ધ્યાન રખજે મા અને મને માફ કરી દેજે. આટલી આટલી લડી હું, દુનિયામાં છોકરીને જીવવાનો હક નથી, આના જેવા હેવાનો છોકરીઓ ગોતે, જેનું કોઈ હોતું નથી અને પ્રેમમાં પાડી તેનો ઉપયોગ કરી તેની સાથે મારકૂટ કરી એની વસ્તુ લઈ પછી ભાઈગીરી કરે. અત્યારસુધી રોજ ચૂપ હતી કે પોલીસ આજે મને ન્યાય આપશે, પણ તેના જેવા માણસને ક્યારેય પોલીસ કહી કરશે જ નહિ.

મમ્મી મારા મર્યા પછી મને ન્યાય અપાવજે, જેથી આજે મારી સાથે જે કર્યું એ બીજા કોઈ સાથે ન કરે. આજે ઈન્સ્ટાગ્રામમાં મને મેસેજ કરી ધમકી આપી છે. હું શું કરું? મારા કારણે હું તને અને મારા દીકરાને હેરાન નહિ થવા દઉં. આજે હું જે કંઈ કરું એ ઈમ્તિયાઝ રાઉમા કારણે કરું છું. તે મને ધમકી આપે છે, મારા ઉપર જીવલેણ હુમલો પણ કરેલો છે અને મને મારી નાખશે એવી ધમકી આપી છે. મને કહી થશે તો જવાબદાર ઈમ્તિયાઝ રાઉમા ઉર્ફે લાલો રહેશે.

# રાજકોટ S.T.ની ચોમાસામાં નવી પહેલઃ GPSથી ૨૪ કલાક બસ ટ્રેકિંગ, ૫૬૨ બસોનું કંટ્રોલ રૂમથી સતત નજર

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સૌરાષ્ટ્રમાં ચોમાસાની ઋતુ દરમિયાન ધોધમાર વરસાદને કારણે ગામડાંઓથી લઈને શહેરો સુધી પાણી ભરાવાની સમસ્યા વારંવાર સર્જાય છે. નદી-નાળા અને કોઝવેમાં પાણી ભરાતાં અકસ્માતોનું જોખમ પણ વધે છે. આવી પરિસ્થિતિમાં મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા રાજકોટ એસટી ડિવિઝને ટેકનોલોજીનો સહારો લઈ એક નવતર પહેલ શરૂ કરી છે. રાજકોટ એસટી વિભાગે ૧૫ જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધી ખાસ કમાન્ડ કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે, જે દ્વારા તમામ એસટી બસોનું **GPS** સિસ્ટમ વડે ૨૪ કલાક ટ્રેકિંગ કરવામાં આવે છે. વિભાગીય નિયામક જે.બી. કલોતરાએ જણાવ્યું કે, ચોમાસામાં વરસાદ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને આ વ્યવસ્થા મુસાફરોની સુરક્ષા માટે રચવામાં આવી છે.

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં મળીને ૨૩ એક્સિડન્ટ ઝોન નક્કી કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં વરસાદ દરમિયાન પાણી ભરાવાની સ્થિતિ ઉભી થાય તો કંટ્રોલ રૂમમાંથી તાત્કાલિક ચેતવણી આપવામાં આવે છે. આ માટે રૂટ પર દોડતી બસના કંડકટરને ફોન દ્વારા સૂચના આપવામાં આવે છે. જરૂર જણાય તો બસને નજીકના બસ સ્ટેશન પર રોકી દેવામાં આવે છે, જેથી કોઈ જાનહાનિ ન થાય.રાજકોટ એસટી ડિવિઝન હેઠળ દરરોજ ૫૬૨ બસો દોડે છે, જેમાં અંદાજે ૧.૩૦ લાખ મુસાફરો મુસાફરી કરે છે. આ માટે વિભાગ પાસે ૧૦૬૪ ડ્રાઈવર અને ૧૪૪૦ કંડકટર કાર્યરત છે. **GPS** ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા બસનું લોકેશન, રૂટનું નામ, સ્પીડ, તારીખ, સમય અને કંડકટરનો મોબાઈલ નંબર જેવી સચોટ માહિતી કંટ્રોલ રૂમમાં રીઅલ-ટાઈમમાં ઉપલબ્ધ રહે છે. આનાથી ચોમાસાની પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક નિર્ણયો લઈ શકાય છે.

કંટ્રોલ રૂમમાં સવારે ૬થી ૨, બપોરે ૨થી ૧૦ અને રાત્રે ૧૦થી સવારે ૬ એમ ત્રણ શિફ્ટમાં સ્ટાફ કામ કરે છે. વરસાદને કારણે નદી-નાળા ઊફાન પર હોય તો બસોને પહેલા જ રોકી દેવાની સૂચના આપવામાં આવે છે. જો કોઈ બસ પાણીમાં ફસાઈ જાય, તો તાત્કાલિક ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમને જાણ કરવામાં આવે છે, જેથી ત્વરિત બચાવ કાર્યવાહી શરૂ કરી શકાય.વિભાગીય નિયામક જે.બી. કલોતરાએ જણાવ્યું, "મુસાફરોની સુરક્ષા અમારી પ્રથમ પ્રાથમિકતા છે. વરસાદ અંગે જિલ્લાના વહીવટી તંત્ર પાસેથી મળેલી માહિતીના આધારે અમે તાત્કાલિક કંડકટર અને ડેપોને જાણ કરીએ છીએ. બસનું કેન્સલેશન કે મિલકતને નુકસાન થાય તો તેની વિગતો પણ કંટ્રોલ રૂમમાં નોંધાય છે." આ વ્યવસ્થા દ્વારા મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાની સાથે વહીવટી કાર્યક્ષમતા પણ વધે છે.

આ ચોમાસામાં રાજકોટ એસટી વિભાગે શરૂ કરેલી આ પહેલ ટેકનોલોજી આધારિત સુવ્યવસ્થા તરીકે નોંધાઈ રહી છે. **GPS** અને કંટ્રોલ રૂમની મદદથી એસટી બસોમાં મુસાફરી કરતા લોકોની સુરક્ષા વધુ મજબૂત બની છે. આ પ્રયાસથી ચોમાસાની વિષમ પરિસ્થિતિમાં પણ મુસાફરો સલામત રીતે પોતાના ગંતવ્યે પહોંચી શકે છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

નાગરિકો પોતાની ખરીદીમાં સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપે- મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

# સ્વદેશીપણું એ આત્મનિર્ભરતાનું જનક છે: ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

## ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રાયોજિત "સ્વદેશી અર્થતંત્રની રાષ્ટ્રવાદી વૈશ્વિકતા" સેમિનારમાં મંત્રીશ્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિ




ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત "સ્વદેશી અર્થતંત્રની રાષ્ટ્રવાદી વૈશ્વિકતા" વિષય પરના સેમિનારમાં ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગે ભારત માટે આગામી સમયગાળો ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્વદેશીપણું એ આત્મનિર્ભરતાનું જનક છે. મંત્રીશ્રીએ ઈતિહાસના પ્રસંગો ટાંકીને કહ્યું કે અંગ્રેજો ભારતમાંથી કાચો માલ લઈ જઈને તેને વિદેશમાં તૈયાર માલ તરીકે વેચતા હતા, જેના કારણે ભારતની ધન-સંપત્તિ વિદેશમાં ખેંચાઈ ગઈ હતી. આના જવાબમાં ૧૯૦૫માં લોકમાન્ય ટિળક જેવા ક્રાંતિવીરોએ સ્વદેશીનો વિચાર આપ્યો. મહાત્મા ગાંધીએ આ વિચારને દેશભરમાં ફેલાવ્યો અને સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે જાગૃતિ ફેલાવી.

શ્રી પટેલે આત્મનિર્ભર ભારતના સંકલ્પ પર ભાર મૂકતા જણાવ્યું કે, આજે આપણા દેશના શ્રમિકો, કારીગરો અને વૈજ્ઞાનિકો દરેક પ્રકારના ઉત્પાદન માટે સંપૂર્ણપણે સક્ષમ છે. તેમણે કહ્યું કે ભારત હવે વૈશ્વિક બજારનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે અને આપણે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'યુગાનુકૂલ ભારત'ના વિચારને અમલમાં મૂકવો પડશે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે વિદેશી **FMCG** કંપનીઓ ભારતના પૈસા વિદેશમાં લઈ જાય છે. ભારત આજે દવાઓ, રસીઓ અને તબીબી ઉપકરણો સહિત દરેક વસ્તુનું ઉત્પાદન અને નિકાસ કરવા માટે સક્ષમ છે. મંત્રીશ્રીએ યુવાનોને અપીલ કરતા કહ્યું કે તેઓ પોતાની ખરીદીમાં સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપે. તેમણે બહેનો અને દીકરીઓને સૌંદર્ય પ્રસાધનો ખરીદતી વખતે હર્બલ, આયુર્વેદિક અને સ્વદેશી ઉત્પાદનો પસંદ કરવાનું સૂચન કર્યું. મંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું કે ભારત પર કોઈની જોહુકમી ચાલી નથી અને ચાલશે પણ નહીં. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગુજરાતના યુવાનો ૨૦૪૭ પહેલા વિકસિત અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરશે. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. નીરજા ગુપ્તાએ જણાવ્યું કે સ્વદેશી માત્ર એક વિચાર નહીં, પરંતુ એક વ્યવહાર છે. પડકારજનક પરિસ્થિતિઓમાં વિદેશી વસ્તુઓને છોડીને, આત્મનિર્ભર બનવા તરફ આગળ વધવું જોઈએ. શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનૈના તોમરે જણાવ્યું કે ભારત યુવાનોનો દેશ છે, જે ઉત્પાદન ક્ષેત્રે મોટું યોગદાન આપી શકે છે. કોરોના મહામારી દરમિયાન ભારતે **PPE** કિટ જેવી વસ્તુઓનું ઉત્પાદન શરૂ કરીને નિકાસ કરવાનું શરૂ કર્યું અને આજે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બન્યો છે. આ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના કમિશનર શ્રી દિલીપ રાણા, યુનિવર્સિટીના કુલસચિવ શ્રી પીયૂષ પટેલ અને મોટી સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી કર્મચારીઓ અને સરકાર આમને સામને : પડતર પ્રશ્નોના નિરાકરણ માટે એક મહિનાનુ અલ્ટીમેટમ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાત રાજયના સરકારી કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે આકરા પાણીએ છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે કર્મચારી સંકલન સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં કર્મચારીઓએ તેમની મુખ્ય માંગણીઓ પર ગહન ચર્ચા કરી હતી.

આ બેઠક બાદ કર્મચારીઓએ સરકારને એક મહિનાની મુદત આપી છે અને સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આ સમયગાળામાં તેમની માંગણીઓનો યોગ્ય ઉકેલ નહી આવે તો તેઓ રાજયવ્યાપી આંદોલન કરશે અને ગાંધીનગરને ઘેરી લેશે. આ નિર્ણય સરકારી કર્મચારીઓની લાંબા સમયથી ચાલી રહેલી નારાજગીનો પ્રતિક છે. જે હવે આક્રમક સ્વરૂપ ધારણ કરી રહ્યુ છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં સૌથી અગ્રતાક્રમે જુની પેન્શન યોજના પુનઃ સ્થાપિત કરવી અને ફીકસ-પે નીતિમાં સુધારો કરવો છે. કર્મચારીઓનુ કહેવુ છે કે નવી પેન્શન યોજના તેમના ભવિષ્ય માટે સુરક્ષિત નથી, જયારે ફીકસ-પે નીતિ યુવા કર્મચારીઓનુ આર્થિક શોષણ કરે છે. આ બંને મુદ્દાઓ પર કર્મચારીઓમાં ભારે રોષ છે અને તેઓ માને છે કે સરકારે આ પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવો જોઈએ. આ ઉપરાંત અન્ય પડતર મુદ્દાઓ જેવા કે સાતમાં પગારપંચના લાભો, ભથ્થાં અને બઢતીના પ્રશ્નો પણ આ બેઠકમાં ચર્ચાયા હતા. આ પરીસ્થિતિ સરકાર માટે એક મોટો પડકાર છે. જો સરકાર સમયસર યોગ્ય પગલા નહી ભરે તો રાજયવ્યાપી આંદોલન સરકારી કામગીરીને ખોરવી શકે છે. કર્મચારીઓનુ આંદોલન માત્ર તેમની માંગણીઓ પુરતુ સિમિત નથી. પરંતુ તે સરકારની નીતિઓ સામેના અસંતોષનુ પણ પ્રતિબિંબ છે. સરકાર અને કર્મચારીઓ બંનેએ સંવાદ અને વાટોઘાટો દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. કર્મચારીઓની માંગણીઓ વ્યાજબી હોય તો સરકારે તેને સ્વીકારવા માટે તૈયાર રહેવુ જોઈએ. જયારે કર્મચારીઓએ પણ સરકાર સાથે સહકારભર્યો માહોલ જાળવવો જોઈએ. આંદોલન પહેલા સમજુતી દ્વારા ઉકેલ લાવવામાં આવે તે રાજય અને તેના નાગરીકો બંને માટે હિતાવહ છે.

# રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫'નું આયોજન : મંત્રી શ્રી હર્ષ સંઘવી

રાજ્યમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫'ની જાહેરાત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરીને ચોક્ક્સ થીમ આધારિત 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫' યોજવા નિર્ણય લેવામાં આવ્યો છે.

ગણેશ મહોત્સવ દરમિયાન રાજયભરમાં જે પંડાલ તૈયાર કરવામાં આવે છે તેને નિયત થીમ આધારે શ્રેષ્ઠ રીતે તૈયાર કરનાર જૂથને શહેર તથા જિલ્લા કક્ષાની અલગ અલગ ટીમો દ્વારા મૂલ્યાંકન કરી પ્રોત્સાહન આપવામાં આવશે.

દેશમાં પ્રથમવાર આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલથી સ્વદેશી ચીજવસ્તુઓ પર ભાર મૂકવામાં આવશે અને 'ઓપરેશન સિંદૂર' જેવી દેશભક્તિની થીમ થકી સૈન્યના મનોબળને મજબૂત કરી શકાશે.

મંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું કે, આ પ્રતિયોગિતા અંતર્ગત રાજ્યભરમાં શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલોને કુલ રૂ. ૫૨.૫૦ લાખના રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

ચાર મહાનગરોમાં પુરસ્કાર:

★ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મહાનગરોમાં શ્રેષ્ઠ ત્રણ ગણેશ પંડાલોને પુરસ્કૃત કરવામાં આવશે.

★ પ્રથમ ક્રમ: રૂા.૫,૦૦,૦૦૦
★ દ્વિતીય ક્રમ: રૂા.૩,૦૦,૦૦૦
★ તૃતીય ક્રમ: રૂા.૧,૫૦,૦૦૦

૨૯ જિલ્લાઓમાં પુરસ્કાર:

★ ચાર મહાનગરો સિવાયના ૨૯ જિલ્લાઓમાં પણ શ્રેષ્ઠ ત્રણ ગણેશ પંડાલોને પુરસ્કાર અપાશે.

★ પ્રથમ ક્રમ: રૂા.૫,૦૦,૦૦૦
★ દ્વિતીય ક્રમ: રૂા.૩,૦૦,૦૦૦
★ તૃતીય ક્રમ: રૂા.૧,૫૦,૦૦૦

આ ઉપરાંત, પાંચ પ્રોત્સાહન પુરસ્કાર વિજેતા પંડાલોને રૂા.૧,૦૦,૦૦૦/- લેખે આપવામાં આવશે.

શ્રી ગણેશ પંડાલના મૂલ્યાંકન માટે માપદંડ નિયત કરવામાં આવ્યા છે.

★ ગણેશ પંડાલના મંડપનું સુશોભન અને સામાજિક સંદેશ
★ ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાની પસંદગી
★ 'ઓપરેશન સિંદૂર' અને સ્વદેશી વસ્તુઓની થીમ
★ પંડાલનું સ્થળ (ટ્રાફિક કે લોકોને અડચણ ન થાય)
★ સ્થાનિક વહીવટી તંત્રની મંજૂરી
★ પંડાલ દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ

મૂલ્યાંકન સમિતિ:

★ ચાર મહાનગરોમાં મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષતામાં સમિતિ રચવામાં આવશે.
★ અન્ય ૨૯ જિલ્લાઓમાં કલેક્ટરના અધ્યક્ષતામાં સમિતિનું ગઠન કરવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે:

ગણેશ પંડાલના આયોજકોએ નિયત ફોર્મ દરેક જિલ્લાની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીમાંથી મેળવી, સમય મર્યાદામાં જમા કરાવવાનું રહેશે.

આ વર્ષની થીમ:

★ થીમ-૧: 'ઓપરેશન સિંદૂર'ના ગૌરવપૂર્ણ ઈતિહાસ અને દેશભક્તિ પર આધારિત સુશોભન.
★ થીમ-૨: વડાપ્રધાનશ્રીના 'સ્વદેશી'ના આહ્વાન અંતર્ગત સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અંગે લોકજાગૃતિ ફેલાવવી.

આ પ્રતિયોગિતા દ્વારા સરકારનો ઉદ્દેશ્ય ગણેશ ઉત્સવને ધાર્મિક સુયોગ્ય વાતાવરણ પૂરું પાડવા ઉપરાંત આ ઉત્સવને દેશભક્તિ અને સામાજિક જવાબદારી સાથે જોડવાનો છે.

11 ઓગસ્ટથી ગણપતિ સ્પેશિયલ ટ્રેનો સેવામાં; તહેવાર નજીક આવતાં વધુ યાત્રાઓ ઉમેરવામાં આવી

# ભારતીય રેલવે રેકોર્ડ ૩૮૦ ગણપતિ સ્પેશિયલ ટ્રેન ટ્રિપ્સ ચલાવશે

**PIB Ahmedabad**

ભારતીય રેલવેએ ૨૦૨૫ માટે ૩૮૦ ગણપતિ સ્પેશિયલ ટ્રેન ટ્રીપ્સની જાહેરાત કરી છે, જે અત્યાર સુધીની સૌથી વધુ છે, જે તહેવારોની મોસમ દરમિયાન ભક્તો અને મુસાફરો માટે સરળ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરે છે. ૨૦૨૩માં, કુલ ૩૦૫ ગણપતિ સ્પેશિયલ ટ્રેન ટ્રીપ્સ ચલાવવામાં આવી હતી, જ્યારે ૨૦૨૪માં આ સંખ્યા વધીને ૩૫૮ થઈ ગઈ હતી.

મહારાષ્ટ્ર અને કોંકણ ક્ષેત્રમાં ભારે તહેવારોની મુસાફરીની માંગને પહોંચી વળવા, મધ્ય રેલવે સૌથી વધુ ૨૯૬ સેવાઓનું સંચાલન કરશે. પશ્ચિમ રેલવે ૫૬ ગણપતિ સ્પેશિયલ ટ્રીપ્સ, કોંકણ રેલવે (KRCL) ૬ ટ્રીપ્સ અને દક્ષિણ પશ્ચિમ રેલવે ૨૨ ટ્રીપ્સ ચલાવશે.

કોંકણ રેલવે પર ચાલનારી ગણપતિ સ્પેશિયલ ટ્રેનોના હોલ્ટની યોજના કોલાડ, ઈંદાપુર, માનગાંવ, ગોરેગાંવ રોડ, વીર, સાપે વાર્મને, કરંજડી, વિન્હેરે, દીવાનખાવટી, કલાંબની બુદ્રુક, ખેડ, અંજની, ચિપલુન, કામથે, સાવરદા, અરવલ્લી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગિરી, અદાવલી, વિલાવડે, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, નંદગાંવ રોડ, કંકાવલી, સિંધુદુર્ગ, કુદાલ, જરાપ, સાવંતવાડી રોડ, મદુરે, થિવિમ, કરમાલી, મડગાંવ જંક્શન, કારવાર, ગોકામા રોડ, કુમતા, મુર્દેશ્વર, મૂકામ્બિકા રોડ, કુંડાપુરા, ઉડુપી, મુલ્કી અને સુરથકલમાં બનાવાઈ છે.

ગણપતિ પૂજા ૨૭ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ઉજવવામાં આવશે. તહેવારોની અપેક્ષિત ભીડને પહોંચી વળવા માટે, ૧૧ ઓગસ્ટ ૨૦૨૫ થી ગણપતિ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે, અને તહેવાર નજીક આવતાની સાથે સેવાઓમાં ક્રમશઃ વધારો કરવામાં આવી રહ્યો છે.

સ્પેશિયલ ટ્રેનોનું વિગતવાર સમયપત્રક **IRCTC** વેબસાઈટ, **RailOne** એપ અને કોમ્પ્યુટરાઈઝ્ડ ``RS`` પર ઉપલબ્ધ છે.

ભારતીય રેલવે સલામત, વિશ્વસનીય અને અનુકૂળ મુસાફરીના અનુભવો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે, ખાસ કરીને તહેવારો દરમિયાન જ્યારે માંગ નોંધપાત્ર રીતે વધારે હોય છે.

# પ્રાકૃતિક કૃષિ સંદર્ભે રાજ્યભરમાં થઈ રહેલી કામગીરીની સમીક્ષા અર્થે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને હાલોલ ખાતે રાજ્ય કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ






પંચમહાલ, ગુરૂવાર: ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે રાજ્યભરમાં થઈ રહેલી કામગીરી અને પરિસ્થિતિની સમીક્ષા કરવા તથા પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અર્થે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પંચમહાલ જિલ્લાના હાલોલ સ્થિત ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ખાતે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, "પ્રાકૃતિક ખેતી આજના સમયમાં ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. આ પદ્ધતિ દ્વારા ખેડૂતો ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે છે અને સાથે સાથે સમાજની તંદુરસ્તી જાળવી શકે છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જો લોકોમાં એ વિશ્વાસ જાગે કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતી પેદાશો ઝેર-મુક્ત છે, તો તેઓ આવી ચીજવસ્તુઓ ખરીદવા માટે વધુ પૈસા આપવા પણ તૈયાર થાય છે. તેમણે પ્રાકૃતિક ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપવા માટે દરેક જિલ્લામાં વેચાણ કેન્દ્રો સ્થાપવા પર પણ ભાર મૂક્યો હતો. આ પગલાંથી ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય બજાર મળશે અને ગ્રાહકોને શુદ્ધ અને સ્વસ્થ આહાર પ્રાપ્ત થશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનની રચના થતા સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિનો ફેલાવો થશે. આ મિશનમાં ગુજરાતને વિશેષ ભૂમિકા ભજવવાની છે અને આ મિશનનું નેતૃત્વ કરવાનુ છે.

રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, પ્રાકૃતિક ખેતી ફક્ત ખેડૂતો માટે જ નહીં, પરંતુ સમાજ અને આપણી ભાવિ પેઢી માટે પણ અત્યંત ફાયદાકારક છે. આ પદ્ધતિથી ઉગાડવામાં આવતું અનાજ અને અન્ય ઉત્પાદનો ઝેર-મુક્ત હોવાથી સૌને આરોગ્યપ્રદ અન્ન મળી રહે છે. આથી, પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવો એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. તેમણે આ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું કે, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી પર્યાવરણની ગુણવત્તા સુધરે છે, જન આરોગ્ય વધુ સારું બને છે અને જમીનની ફળદ્રુપતા પણ જળવાઈ રહે છે. પ્રાકૃતિક ખેતીના મિશનને સફળ બનાવવું એ સમયની માંગ છે તેમ કહી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠકમાં ખેડૂતો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે, જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે તે પોતાનો ખેતી વિસ્તાર વધારે તેમ જણાવી તેમણે પ્રાકૃતિક કૃષિના વ્યાપ અને અસરકારકતા વધારવા ઉપરાંત પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના વેચાણ માટેની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિ માટે અનિવાર્ય એવી દેશી ગાયોની સંખ્યામાં વધારો કરવા અને તેમની નસલમાં સુધારો કરવા માટે પણ સૂચનો આપ્યા હતા. તેમણે પ્રાકૃતિક ખેતી કરવા ઈચ્છતા ખેડૂતોને ગોબર-ગૌમૂત્ર, જીવામૃત-ઘનજીવામૃત, બીજામૃત જેવી પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી સામગ્રી સરળતાથી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવા જણાવ્યુ હતુ. તેમણે ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓને પ્રાકૃતિક કૃષિના ક્ષેત્રમાં સતત સંશોધનો કરવા અને તેના પરિણામો ખેડૂતો સુધી પહોંચાડવા માટે પણ માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. સી.કે. ટિમ્બડિયાએ બેઠકની શરૂઆતમાં રાજ્યપાલશ્રીને યુનિવર્સિટી કેમ્પસમાં કરવામાં આવેલી કામગીરી તેમજ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે પ્રાપ્ત થયેલી સફળતાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ રાજ્યની વિવિધ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ-પ્રતિનિધિશ્રીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો, કૃષિ-આત્મા વિભાગના અધિકારીઓ અને પ્રતિનિધિશ્રીઓએ તેમના દ્વારા પ્રાકૃતિક ખેતી માટે કરવામાં આવી રહેલી કામગીરીની પ્રગતિથી રાજ્યપાલશ્રીને અવગત કર્યા હતા અને આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ કઈ રીતે વધી શકે તે બાબતે માર્ગદર્શન મેળવ્યું હતું.

આ પ્રસંગે, રાજ્યપાલશ્રીના હસ્તે યુનિવર્સિટીના દ્વિવાર્ષિક અહેવાલનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટીની છેલ્લા બે વર્ષની સિદ્ધિઓનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હાલોલના ધારાસભ્ય શ્રી જયદ્રથસિંહ પરમાર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ.અંજુ શર્મા સહિત કૃષિ, આત્મા, પશુપાલન, આદિજાતિ વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, વિવિધ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી (ઈ.ચા)શ્રી ડી.એમ.દેસાઈ, પ્રોબેશનર આઈએએસ કુ.અંજલી ઠાકુર, આસિટન્ટ કલેકટર અને હાલોલ પ્રાંત અધિકારીશ્રી ઈ.સુસ્મીતા સહિત જિલ્લાના અધિકારીઓ સહિત યુનિવર્સિટીના સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતની સહકારિતા શક્તિ: ગામડાથી વૈશ્વિક બજાર સુધી ડેરી વિકાસની ગાથા

ગુજરાતના ડેરી ઉદ્યોગનો વિકાસ દેશભરમાં ઉદાહરણીય છે. ખાસ કરીને બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં ડેરી સહકારી મંડળીઓ તેમની પ્રોસેસિંગ ક્ષમતા અને અદ્યતન સુવિધાઓના કારણે ગુજરાતના કુલ દૂધ ઉત્પાદનમાં સતત વધારો કરી રહ્યા છે. ડેરી ક્ષેત્રમાં આ નોંધનીય પરિવર્તનના કારણે ઉત્તર ગુજરાત ગ્રામીણ આજીવિકા અને વિકાસનું શક્તિશાળી માધ્યમ બન્યું છે.

બનાસ ડેરી (બનાસકાંઠા), દૂધસાગર ડેરી (મહેસાણા) અને સાબર ડેરી (સાબરકાંઠા) જેવી ડેરી સહકારી મંડળીઓ મિલ્ક પ્રોસેસિંગ, કોલ્ડ-ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વેલ્યુ-એડેડ ડેરી પ્રોડક્ટ્સની નિકાસમાં વૈશ્વિક સ્તરે અગ્રણી બની છે. ઉત્તર ગુજરાતની આ સહકારી મંડળીઓ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન **(GCMMF)** હેઠળ કાર્ય કરે છે, જે પ્રખ્યાત બ્રાન્ડ 'અમૂલ' હેઠળ પ્રોડક્ટ્સનું માર્કેટિંગ કરે છે.

બનાસ ડેરી એશિયાની અગ્રણી ડેરી સહકારી મંડળી: રૂા.૨૧,૨૦૦ કરોડનું ટર્નઓવર

વર્ષ ૧૯૬૯માં પાલનપુર, બનાસકાંઠામાં સ્થપાયેલી બનાસ ડેરી એશિયાની સૌથી મોટી ડેરી સહકારી મંડળીઓ પૈકી એક છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેનું ટર્નઓવર રૂા.૨૧,૨૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ હતું. બનાસ ડેરી ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા અને આંધ્ર પ્રદેશમાં ૨૦ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ ધરાવે છે. બનાસ ડેરી દૈનિક ૧૦ મિલિયન લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે.

બનાસ ડેરી સાથે ૧૬૦૦થી વધુ દૂધ મંડળીઓ અને ૪ લાખ ખેડૂતો સંકળાયેલા છે, જે ગ્રામીણ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે ફક્ત પરંપરાગત ડેરી ઉત્પાદનો જ નહીં, પણ મધ અને ખાદ્ય તેલ પણ બનાવે છે.

બીજી તરફ સુઝુકી મોટર કોર્પોરેશન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ **(NDDB)** વચ્ચે બાયોગેસ પ્લાન્ટ માટે સફળ ભાગીદારી થઈ છે, તે ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપશે.

દૂધસાગર ડેરી નવીનતા અને ગુણવત્તાનું શ્રેષ્ઠ ઉદાહરણ: રૂા.૮,૦૫૪ કરોડનું ટર્નઓવર

૧૯૬૦માં સ્થપાયેલી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ એટલે કે દૂધસાગર ડેરીએ મહેસાણાને ડેરી ક્ષેત્રે નવીનતાનું કેન્દ્ર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેનું ટર્નઓવર લગભગ રૂા. ૮,૦૫૪ કરોડ હતું. જે ડેરી એક સમયે ૩,૩૦૦ લિટર પ્રતિ દિવસનું દૂધ એકત્ર કરતી હતી, તે હવે ૩૪.૮૮ લાખ લિટરથી વધુ દૂધ એકત્રિત કરે છે. દૂધસાગર ડેરી તેના મજબૂત સહકારી નેટવર્કનો ઉપયોગ કરીને ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજારો માટે દૂધ અને વિવિધ પ્રકારના દૂધ ઉત્પાદનો બનાવે છે.

ઉત્તર ગુજરાતની ડેરી શક્તિનો આધારસ્તંભ છે સાબર ડેરી

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ એટલે કે સાબર ડેરીની વાત કરીએ તો, તેની દૈનિક ક્ષમતા ૩૩.૫૩ લાખ લિટર છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે રૂા.૮,૯૩૯ કરોડના ટર્નઓવર સાથે, સાબર ડેરી ગુણવત્તાયુક્ત ડેરી ઉત્પાદન માટે, ખાસ કરીને દૂધ, ઘી, માખણ અને ચીઝમાં પ્રખ્યાત બની છે. દૂધની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ડેરીએ પ્રોસેસિંગ સુવિધાઓ અને કોલ્ડ-ચેઈન લોજિસ્ટિક્સમાં સતત રોકાણ કર્યું છે.

આ ૩ સહકારી મંડળીઓ એ દર્શાવે છે કે, ઉત્તર ગુજરાતના ડેરી મૉડલે ખેડૂતોને બજારો સાથે જોડવામાં મોટો ફાળો આપ્યો છે.

● ખેડૂતોનું સશક્તિકરણ: વાજબી ભાવ અને આખું વર્ષ દૂધ ખરીદીને કારણે ખેડૂતોની આજીવિકા સુનિશ્ચિત કરે છે.

● માળખાગત સુવિધાઓનું વિસ્તરણ: કોલ્ડ ચેઈન, બાયોગેસ અને માટી પરીક્ષણ પ્રયોગશાળાઓમાં રોકાણ વૈશ્વિક સ્તરની પ્રણાલીઓ સાથે સુસંગત છે.

● નિકાસની ક્ષમતા: ભારતીય ડેરી ઉત્પાદનોની વધતી જતી વૈશ્વિક માંગ સાથે, આ સહકારી સંસ્થાઓ નિકાસની તકો વધારે છે.

બનાસ, દૂધસાગર અને સાબર ડેરીની સફળતા ઉત્તર ગુજરાતને વૈશ્વિક ડેરી ક્ષેત્રે નિકાસનું કેન્દ્ર બનવાનું લક્ષ્ય રાખે છે. ડેરી ક્ષેત્રે ઉત્તર ગુજરાતે જે સફળતા દર્શાવી છે તે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ **(VGRC)**માં પણ પ્રદર્શિત થશે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ગુજરાતની મુલાકાતે આવશે

# કડી-સાબરમતી વચ્ચે પહેલી મેમૂ ટ્રેન અને બેચરાજીથી કાર-લોડેડ માલગાડીને લીલી ઝંડી બતાવી શુભારંભ કરશે

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. આ અવસર પર માનનીય વડાપ્રધાનજી બે મહત્વપૂર્ણ નવી રેલવે સેવાઓ કડી અને સાબરમતી વચ્ચે નવી યાત્રી મેમૂ ટ્રેન સેવા તથા બેચરાજીથી કાર-લોડેડ માલગાડીને અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી લીલી ઝંડી બતાવી શુભારંભ કરશે.

કલોલ-કડી-કટોસણ રોડ મીટર ગેજ સેક્શન ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ બ્રૉડ ગેજમાં રૂપાંતરણ માટે બંધ કરી દેવામાં આવ્યું હતુ, લગભગ ૮ વર્ષ પછી પહેલી વાર મીટર ગેજથી રૂપાંતરિત બ્રૉડ ગેજ લાઈન પર કડીથી સાબરમતી વચ્ચે પહેલી મેમૂ ટ્રેનની શરૂઆત થવા જઈ રહી છે જેનાથી અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના રેલવે યાત્રીઓને સીધો ફાયદો મળશે. આ ટ્રેન સેવા દૈનિક યાત્રીઓ, વિદ્યાર્થીઓ, ઓફિસે જનારા અને સ્થાનિક શ્રમિકો માટે ઝડપી, સુરક્ષિત, વિશ્વાસપાત્ર અને કિફાયતી યાત્રા કરાવશે. અમદાવાદ (સાબરમતી) થી કડી વચ્ચે આ ટ્રેન અત્યંત લાભકારક સિદ્ધ થશે, જ્યાં હાલમાં અમદાવાદથી કડી સુધીનું બસ ભાડું રૂ.૮૦/- થી રૂ.૧૫૦/- તથા ટેક્સી ભાડું રૂ. ૮૦૦/- થી રૂ.૧૨૦૦/- ની વચ્ચે છે અને યાત્રામાં ૧ થી ૨ કલાક સુધી થાય છે, ત્યા આ ટ્રેન સેવા યાત્રીઓનો સમય અને પૈસા બંને બચાવશે.

સાથે જ આ ધાર્મિક સ્થળો અને પર્યટન સ્થળો સુધીની પહોંચને સુગમ બનાવીને ક્ષેત્રની પર્યટન ક્ષમતાને પણ વધારશે. ઉત્તમ યાત્રી સંપર્કથી સ્થાનિક વ્યવસાય, વ્યાપારી અને સર્વિસ પ્રોવાઈડર્સ નવા અવસરોથી લાભ મેળવશે, જેનાથી ક્ષેત્રીય અર્થવ્યવસ્થાને ગતિ મળશે.

બેચરાજીથી કાર-લોડેડ માલગાડીની શરૂઆત ગુજરાતના ઔદ્યોગિક પરિદ્રશ્યમાં નવી ઊર્જાનો સંચાર કરશે. ઑટોમોબાઈલ ઉત્પાદન અને સંલગ્ન ઉદ્યોગોનું મુખ્ય કેન્દ્ર હોવાને લીધે બેચરાજીને હવે ઉત્તમ લોજિસ્ટિક સમર્થન તથા રાજ્ય અને દેશના અન્ય ભાગો સુધી સુદ્રઢ કનેક્ટિવિટીનો લાભ મળશે. આ સેવા પરિવહન પડતર ઘટાડશે, આપૂર્તિ શ્રેણી નેટવર્કનો વિસ્તાર કરશે અને માલની ઝડપી અવરજવર સુનિશ્ચિત કરશે. આનાથી ફક્ત ઑટોમોબાઈલ અને ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ જ નહીં થાય પરંતુ નવા રોજગારના અવસરો સર્જિત થશે.

આ બંને રેલવે સેવાઓ મળીને ગુજરાતમાં સ્થાયી, પર્યાવરણ-અનુકૂળ અને ઝડપી ગતિના પરિવહન ઈકોસિસ્ટમના નિર્માણમાં યોગદાન આપશે. યાત્રા સમયમાં ઘટાડો, કનેક્ટિવિટીમાં સુધારો અને ઔદ્યોગિક રોકાણને પ્રોત્સાહન આપવાની સાથે આ શરૂઆત અર્થવ્યવસ્થાને સશક્ત બનાવશે અને લાંબાગાળાના સામાજિક-આર્થિક લાભ સુનિશ્ચિત કરશે. ભારતીય રેલવેની આ શરૂઆત ક્ષેત્રીય વિકાસને ગતિ આપવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે અને ગુજરાતની વિકાસ યાત્રાને નવી દિશા આપશે. સાથે જ, આ 'વિકસિત ભારત ૨૦૪૭' ના રાષ્ટ્રીય વિઝનમાં પણ મહત્વનો ફાળો આપશે.

# રિક્ષાનું ટાયર ફાટી જતાં રીક્ષા ચાલકનો ભોગ લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં બેડી વિસ્તારમાં રહેતો અને મજુરી કામ કરતો અલીઅસગરભાઈ ગલીભાઈ ભાયા નામનો યુવાન ગત ૧૫.૬.૨૦૨૫ ના સવારે ૧૦.૦૦ વાગ્યાના અરસામાં પોતાની જીજે ૧૦-ટી.ઝેડ ૨૯૭૧ નંબરની સીએનજી રીક્ષા લઈને જામનગરથી રાજકોટ તરફ જઈ રહ્યો હતો, જ્યારે રીક્ષામાં તેના બે મિત્રો પણ બેઠા હતા. જે રીક્ષા નાની બાણુંગાર ગામના પાટીયા પાસે પહોંચતા અચાનક રીક્ષાનું પાછલું ટાયર ફાટ્યું હતું.જેના કારણે રીક્ષા પરનો કાબુ ગુમાવતા રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ મી સાંજે ધારાસભ્યો અને સંગઠનના નેતાઓ સાથે કરશે બેઠક

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમમાં ફેરફારઃ ૨૫મીએ સાંજે અમદાવાદ આવશેઃ ૨૬મીએ બપોર બાદ દિલ્હી રવાના થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદના નિકોલ ખાતેથી તેઓ રૂપીયા ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનુ લોકાર્પણ કરશે. વડાપ્રધાન મોદી ૨૫ ઓગસ્ટ સાંજે રાજભવનમાં રોકાણ કરવાના છે.



આ દરમિયાન તેઓ ભાજપના નેતાઓ અને ધારાસભ્યો સાથે બેઠક કરે તેવી ચર્ચાઓએ જોર પકડયુ છે. બેઠક દરમિયાન પ્રદેશ પ્રમુખ અને સરકારની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી શકે છે.

વડાપ્રધાન મોદી રાજભવનમાં રાત્રી રોકાણ દરમિયાન ભાજપના નેતાઓ સાથે બેઠક કરશે, ત્યારે રાજયમંત્રી બચુ ખાબડના વિકલ્પ સહિતના મુદ્દે સીનીયર નેતાઓ સાથે પણ ચર્ચા કરી શકે છે, વડાપ્રધાન મોદી ૨૫ ઓગસ્ટ સોમવારે સાંજે ૫.૪૫ કલાકે અમદાવાદ આવશે, ત્યારબાદ સાંજે ૬ કલાકે ખોડલધામ નિકોલ ખાતે અમદાવાદના વિવિધ વિકાસ કાર્ય લોકાર્પણ, ખાતમુહુર્ત સાથે જનસભા કરશે, ત્યારબાદ સાંજે ૭:૩૦ કલાકે રાજભવનમાં રાત્રી રોકાણ કરવા પહોચશે. ત્યારબાદ ત્યાં ભાજપના નેતાઓ સાથે બેઠક કરશે એવી પણ ચર્ચા છે. ૨૬ ઓગસ્ટ મંગળવારના રોજ સવારે ૯:૪૦ કલાકે વડાપ્રધાન મોદી રાજભવનથી સચિવાલય (હેલીપેડ) રવાના થશે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે હાંસલપુર (બાયરોડ) હાંસલપુર સુઝુકી મોટર બેટરી પ્રોજેકટનુ ઉદ્‌ઘાટન કરશે, ત્યારબાદ બપોરે ૧૨:૧૫ કલાકે ફરી પાછા હેલીપેડ હાંસલપુર ત્યારબાદ બપોરે ૧૨:૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ અને ત્યારબાદ બપોરે ૧૨:૫૦ કલાકે એરપોર્ટ થી દિલ્હી જવા રવાના થશે.

# અમદાવાદમાં સેવન્થ ડે સ્કુલના વિદ્યાર્થીની હત્યા કેસમાં ૨ એફઆઈઆર નોંધાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં સેવન્થ ડે સ્કુલના વિદ્યાર્થીની હત્યા કેસમાં ૨ અલગ અલગ એફઆઈઆર નોંધાઈ છે. આ સમગ્ર કેસમાં પોલીસ દ્વારા અલગ અલગ ૨ એફઆઈઆર નોંધાઈ છે.



જેમાં પ્રથમ ફરીયાદ સેવન્થ ડે સ્કુલના વિદ્યાર્થીની હત્યાની નોંધવામાં આવી છે જયારે બીજી ફરીયાદ શાળામાં તોડફોડ કરનારા ટોળા વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે. હત્યાના વિરોધમાં ૫૦૦ લોકોના ટોળા દ્વારા કરવામાં આવેલી તોડફોડ ને લઈને બીજી ફરીયાદ નોંધવામાં આવી છે. જેમાં શાળા સંચાલકોએ ૧૫ લાખના નુકશાનની ફરીયાદ નોંધાવી છે. આ સમગ્ર મામલે જેસીપી કુણાલ દેસાઈ દ્વારા નિવેદન આપ્યુ છે તે સિવાય હત્યાને લઈને અફવાઓ ન ફેલાવવા જેસીપી દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે. તે સિવાય કેસ મામલે કાયદાના સંઘર્ષમાં આવેલા ૨ કિશોરની અટકાયત કરવામાં આવી છે. જેમાં સ્કુલના ધો. ૮ અને ધો.૧૦ ના ૨ કિશોરની અટકાયત કરવામાં આવી છે. તો બીજી તરફ આ મામલામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# નવસારી જિલ્લાની ચીખલી જનરલ હોસ્પીટલમાં રૂ.૧.૬૦ કરોડની ગેરરીતી મામલે કમિશ્નર હર્ષદ પટેલ તપાસ કરાવશે ખરા?

પ્રતિનિધિ,ગાંધીનગર

આરોગ્ય કમિશ્નર કચેરીની જાહેર આરોગ્યની બજેટ / ઓડીટ શાખામાં વહિવટી અધિકારી દ્વારા કરોડો રૂપીયાની ખાયકી થતી હોવા છતાં આરોગ્ય કમિશ્નર દ્વારા તપાસ કેમ થતી નથી? શું આરોગ્ય કમિશ્નર દ્વારા બજેટ / ઓડીટ શાખાના વહિવટી અધિકારી અને તેના મળતીયાઓને કમિશ્નર દ્વારા પાછલા બારણે લીલીઝંડી અપાઈ છે?

મળતી માહિતી અનુસાર નવસારી જિલ્લાની ચીખલી જનરલ હોસ્પીટલમાં આઉટસોર્સ કર્મચારીઓના ડબલ વખત બીલો બનાવી રૂપીયા ૧.૬૦ કરોડની ગેરરીતી આચરવામાં આવી હોવાનુ બહાર આવ્યા બાદ ચીખલી જનરલ હોસ્પીટલમાં મોકલેલ રૂપીયા ૧.૬૦ કરોડની ગ્રાન્ટ મામલે ઓડીટ કરવામાં આવતા સ્પષ્ટપણે ગેરરીતી આચરવામાં આવી હોવાનુ બહાર આવ્યુ હતું. જેમાં આઉટસોર્સ કર્મચારીઓના ડબલ બીલો બનાવી ગેરરીતી આચરવામાં આવી હતી. ત્યારે સવાલ એ ઉભો થાય છે કે જાહેર આરોગ્ય ના બજેટ શાખા દ્વારા આટલી મોટી માતબર કરોડો રૂપીયાની ગ્રાન્ટ આપવા પાછળનુ કારણ શું? બજેટ / ઓડીટ શાખાની જવાબદારી સંભાળતા વહિવટી અધિકારી અને તેના મળતીયાઓની તપાસ જરૂરી બની રહી છે. ત્યારે આરોગ્ય કમિશ્નર હર્ષદ પટેલ આ સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલ વહિવટી અધિકારીની કરેલ કામગીરીની ઉંડાણપૂર્વક તપાસ કરાવશે ખરા ? કે પછી કમિશ્નર સહભાગી થશે તે હવે જોવાનુ રહ્યું. આ પ્રકરણમાં ચીખલી જનરલ હોસ્પીટલના હેડ કલાર્કની તપાસ જરૂરી બની રહી છે.




# અમદાવાદની સ્કુલમાં હત્યાની ઘટનાને પગલે સુરતની એંગ્લો ઉર્દુ હાઈસ્કુલે વાલીઓ / વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી જારી કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કુલમાં ધો. ૧૦ ના વિદ્યાર્થીની તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવ્યા બાદ આ મામલો સતત વધી રહ્યો છે. આ ઘટનાથી વિદ્યાર્થીના પરીવાર અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોએ શાળામાં તોડફોડ પણ કરી હતી. મૃતક વિદ્યાર્થીની ઓળખ નયન તરીકે થઈ હતી જેનુ સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું.



પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે આ હત્યાનો ગુન્હેગાર એ જ શાળાનો બીજો વિદ્યાર્થી હતો જેણે ચેટ માં તેના મિત્રને આખી ઘટના જણાવી હતી. ચેટમાં આરોપી વિદ્યાર્થીએ કબુલાત કરી હતી કે તેણે નયનને કેવી રીતે તિક્ષ્ણ હથિયાર માર્યુ હતું. જેનાથી તેના મિત્રો પણ ચોંકી ઉઠી હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે આ બનાવ એક અઠવાડીયા પહેલા શાળામાં થયેલા નાના ઝઘડાનુ પરીણામ હતું. અમદાવાદની આ ઘાતકી હત્યાના પડઘા સુરતમાં જોવા મળ્યા હતા અને સુરતની એંગ્લો ઉર્દુ હાઈસ્કુલ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરીમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને શાળામાં તિક્ષણ વસ્તુઓ ન લાવવાની અપીલ કરવામાં આવી છે,

એડવાઈઝરીમાં (૧) એંગ્લો ઉર્દુ હાઈસ્કુલની એડવાઈઝરી મુજબ સ્કુલ બેગમાં કે કંપાસબોકસ માં કોઈપણ પ્રકારની તિક્ષ્ણ કે ધારદાર વસ્તુ ન હોય એની ખાત્રી શાળામાં આવતા પહેલા અવશ્ય કરવાની રહેશે (૨) કોઈપણ પ્રકારની તિક્ષ્ણ કે ધારદાર વસ્તુ થકી આપના બાળકને કે અન્ય વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનુ નુકશાન ન પહોંચે એ આશય થી બાળકના સ્કુલ બેગની ચકાસણી શાળામાં આવતા પહેલા કરી ખાસ ધ્યાન આપવાનુ રહેશે (૩) બાળકોના હીતને ધ્યાનમાં રાખીને થોડી ગંભીરતા દાખવવી ખુબ જ હીતાવહ છે (૪) બાળક અજાણતા, આવેશમાં અથવા મસ્તી મસ્તી માં કોઈ અન્ય વિદ્યાર્થીને નુકશાન ન પહોંચાડે એ હેતુથી તિક્ષ્ણ કે ધારદાર વસ્તુ બાળક શાળામાં ન જ લાવે તે બાબતે ખાસ ધ્યાન રાખવાનુ રહેશે (૫) શાળા સમય દરમિયાન આકસ્મિક બેગની તપાસ હાથ ધરવામાં આવશે અને આવી કોઈ વસ્તુ હોવાનુ માલુમ પડશે તો તેની સંપૂર્ણ જવાબદારી વાલીની રહેશે.

# હિંમતનગરમાં ભાજપના પૂર્વ જિલ્લા કાર્યાલય મંત્રી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ: અતુલ સોમપુરા સહિત ૩ શખ્સો ખોટા બોગસ દસ્તાવેજ કૌભાંડમાં પકડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ભુસ્તરશાસ્ત્રીની કચેરીમાં બોગસ ખોટા દસ્તાવેજો રજુ કરવાના મામલે ૩ આરોપી શખ્સો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. જેમાં મુખ્ય આરોપી તરીકે ભાજપના પૂર્વ જિલ્લા કાર્યાલય મંત્રી અતુલ સોમપુરા સામે ગંભીર આક્ષેપો થયા છે.

અતુલ સોમપુરાએ પોતાને હિન્દુસ્તાન સ્કાઉટ ગાઈડના પૂર્વ સ્ટેટ કમિશ્નર તરીકે ઓળખ આપી કાનુની પ્રક્રિયાને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. તેઓ ભાજપના પૂર્વ જિલ્લા કાર્યાલય મંત્રી રહી ચુકયા છે. આ ઓળખનો ઉપયોગ કરી ખાણ ખનીજ કચેરીમાં બનાવટી એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ રજુ કરવામાં આવ્યુ હતું. ભુસ્તરશાસ્ત્રી કચેરીના જણાવ્યા મુજબ સવગઢ વિસ્તારમાં પથ્થરની ખાણ શરૂ કરવા માટે નકલી સર્ટીફીકેટ રજુ કરવામાં આવ્યુ હતું. તપાસ દરમિયાન સર્ટીફીકેટ બોગસ ખોટુ હોવાનુ સ્પષ્ટ થતા તાત્કાલીક પોલીસ ફરીયાદ નોંધાવાઈ છે. આ કેસમાં અતુલ સોમપુરા સાથે સંજય વણજારા અને રાજ ગોસ્વામી ના નામ પણ ફરીયાદમાં બહાર આવ્યા છે. અતુલ સોમપુરા જે ભાજપના પૂર્વ જિલ્લા કાર્યાલય મંત્રી રહી ચુકયા છે. સુત્રોના કહેવા પ્રમાણે તેણે હિન્દુસ્તાન સ્કાઉટ ગાઈડના પુર્વ સ્ટેટ કમિશ્નર તરીકે ઓળખ આપી કાનુની પ્રક્રિયાની ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ખાણ ખનીજ કચેરીમાં બનાવટી એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ રજુ કરવાનો આક્ષેપ તપાસ કર્મચારી દ્વારા પોલીસને



જણાવવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બીજા નામો જોડાયા હતા જેમાં અતુલ સોમપુરા, સંજય વણજારા અને રાજ ગોસ્વામી ના નામ પણ સામેલ હતા. પોલીસે ત્રણેય આરોપી શખ્સો વિરૂધ્ધ ગુન્હાહીત સજા હેઠળ કાર્યવાહી શરૂ કરી છે. આ બનાવ સાબરકાંઠા જિલ્લામાં રાજકીય તથા સામાજિક સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે. બોગસ ખોટા દસ્તાવેજો દ્વારા કાનુની પ્રક્રિયામાં ભંગ કરવાનો પ્રયાસ થતા કાયદાકીય કાર્યવાહી વધુ કડક બનવાની શકયતા છે. આ કેસમાં બનાવટી સર્ટીફીકેટ બહાર આવ્યા છે એ જ રીતે ઉપરાંત ઘણી બાબતો બહાર આવી છે. કોઈપણ વિભાગમાં કોઈપણ બનાવટી જોવા મળે તો તંત્રને સજાગ કરી કાર્યકારી આવી બનાવટી અને નકલી બાબતોનો નિકાલ કરવો ખુબ જરૂરી છે. સાબરકાંઠા જિલ્લામાં એક સાથે ભાજપના બબ્બે નેતાઓએ કૌભાંડો કરતા કોંગ્રેસને બગાસુ ખાતા ખાતા પતાસુ મળી ગયુ હોય તેવુ લાગી રહ્યુ છે.

જિલ્લાની વડાલી નગરપાલિકાના ભાજપના પ્રમુખ દ્વારા કરોડો રૂપીયાની ઉચાપત ની ફરીયાદ ખુદ પાલિકાના સદસ્યોએ પાલિકાના પ્રમુખ વિરૂધ્ધ ફરીયાદ કરી છે. તો બીજી તરફ સાબરકાંઠા જિલ્લાના ભાજપના કાર્યાલય મંત્રી દ્વારા બોગસ ખોટા દસ્તાવેજો રજુ કરી ખાણ અનીજ કચેરી દ્વારા પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવતા ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો છે.

# રાજકોટમાં ભાજપના ધારાસભ્ય અને કોર્પોરેટરો કલેકટર કચેરીએ દોડયા સાહેબ અમારા કામો કોર્પોરેશનમાં થતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના રૈયા વિસ્તારમાં છેલ્લા ૫-૬ વરસથી બાંધકામની પરવાનગી નહી અપાતા આ વિસ્તારમાં વિકાસ કામો ઠપ થઈ ગયા છે, મ્યુનિ. કોર્પોરેશન તંત્ર દ્વારા કામો થતા ન હોવાની ફરીયાદ સાથે ભાજપના ધારાસભ્ય ડો. દર્શિતા શાહ તેમજ ભાજપના કોર્પોરેટરો હિરેન ખીમાણીયા, ડો. અલ્પેશ મોરજરીયા ઉપરાંત બિલ્ડરો અને પ્લોટ ધારકો આજે બુધવારે કલેકટર કચેરીએ દોડી જઈ જિલ્લા કલેકટર ઓમ પ્રકાશને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી કે કોર્પોરેશનમાં અમારા કામો થતા નથી. આ અંગે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ તેમજ ભાજપના કોર્પોરેટરો હિરેન ખીમાણીયા અને ડો. અલ્પેશ મોરજરીયાએ જણાવ્યુ હતુ કે રૈયા વિસ્તારમાં સમાવિષ્ટ બંસીપાર્ક, ઈન્દ્રપ્રસ્થનગર, કામધેનુ પાર્ક, તેમજ આજુબાજુના સર્વે નંબર ૨૩૦, ૨૩૧ અને ૨૩૨ માં બિનખેતી થયેલા જમીનના પ્લોટમાં બિલ્ડીંગ પ્લાનની બાબતમાં એપ્રોચ ન મળવાના કારણોસર આ વિસ્તારમાં મ્યુનિ.કોર્પોરેશન દ્વારા બિલ્ડીંગ પ્લાન મંજુર કરવામાં આવતા નથી, જેના પગલે રૈયાના આ વિસ્તારોમાં વિકાસ છેલ્લા ૫-૬ વરસથી અટકી જવા



પામ્યો છે. આ પ્રશ્ને ભુતકાળમાં અનેક વખત કોર્પોરેશનની ટાઉનપ્લાનીંગ સમિતિના ચેરમેન તેમજ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને શહેર ભાજપ પ્રમુખને પણ રજુઆત કરી હતી. તેમની સામે આ પ્રશ્ન મુકવામાં આવેલ હોવાનુ અરજદારોએ જણાવ્યુ હતું. પરંતુ હજુ સુધી મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રૈયા ના સર્વે નં. ૨૩૦, ૨૩૧,૨૩૨ સહિતના સર્વે નંબરોમાં બાંધકામના પ્લાન પાસ કરવામાં આવતા નથી. રૈયાના આ વિસ્તારના અન્ય આજુબાજુની સોસાયટીઓમાં વિકાસ થઈ રહ્યો છે. પરંતુ શાંતિનીકેતન પાર્ક, ઈન્દ્રપ્રસ્થનગર, કામધેનુ પાર્ક સહિતની સોસાયટીઓમાં નવા બાંધકામ પ્લાન મ્યુનિ.કોર્પોરેશન દ્વારા મંજુર નહી કરાતા પ્લોટ ધારકોને ભારે મુશ્કેલીમાં મુકાઈ જવુ પડયુ છે. તેમજ તંત્રની નીતિ રીતી સામે પ્લોટ ધારકોમાં ઉગ્ર રોષ ભભુકી ઉઠયો છે. અરજદારોએ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૦ પછીથી કલેકટર કચેરીની વાતનુ ખોટુ અર્થઘટન કરી આ વિસ્તારમાં બાંધકામની પરવાનગી અપાતી નથી. જેથી આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા માંગણી ઉઠાવવામાં આવી હતી તેની સાથોસાથ કલેકટર સમક્ષ કરાયેલ રજુઆતમાં રોષ સાથે એવુ પણ જણાવવામાં આવ્યુ હતુ કે મ્યુનિ.કોર્પોરેશન દ્વારા આ વિસ્તારમાં પાયાની સુવિધા પણ પુરી પડાતી નથી. ભાજપના ધારાસભ્ય અને વોર્ડ નં. ૧ ના ભાજપના કોર્પોરેટરો કોર્પોરેશનમાં કામ થતા ન હોવાની ફરીયાદ સાથે દોડી જતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. તેમાં સરકાર અને સંગઠન વચ્ચે મોટી ખાય પડી ગઈ છે.

# સાબરકાંઠા જિલ્લાની વડાલી નગરપાલિકાના ભાજપના સદસ્યએ પોતાના પ્રમુખની પોલ ખોલીઃ પ્રમુખ વિરૂધ્ધ સદસ્યએ રૂ.૪.૩૫ કરોડની ગ્રાન્ટની ઉચાપતની ફરીયાદ નોંધાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાની વડાલી નગરપાલિકામાં ભાજપના સદસ્યએ જ પોતાના જ પ્રમુખ વિરૂધ્ધ લેખિતમાં રજુઆત કરતા હડકંપ મચી જવા પામ્યો છે. ભાજપના સદસ્યએ નગરપાલિકામાં ચીફ ઓફીસરને લેખિતમાં ફરીયાદ કરી કે પ્રમુખ સરકારી ગ્રાન્ટનો ઉપયોગ



સદસ્યોને વિશ્વાસમાં લીધા વિના કર્યો છે.

વડાલી પાલિકાના ભાજપના સદસ્યોનુ કહેવુ છે કે પોતાના પ્રમુખે સદસ્યોને અંધારામાં રાખી ગ્રાન્ટનો ઉપયોગ કરતા મોટાભાગના વિસ્તારો વિકાસથી વંચિત રહ્યા છે. શિસ્તબધ્ધ ગણાતી ભાજપમાં અંદરો અંદરનો ડખો સાબરકાંઠા જિલ્લામાં બહાર આવ્યો છે. જિલ્લાની વડાલી નગરપાલિકામાં સત્તાધારી ભાજપના સદસ્યોએ તેમના જ ભાજપના પ્રમુખ સામે રૂપીયા ૪ કરોડ ૩૫ લાખ રૂપીયાથી વધુની ગ્રાન્ટનો ઉપયોગ કરાયો હોવાનો આક્ષેપ કર્યો છે. ભાજપના સદસ્યોનો દાવો છે કે આના કારણે મોટા ભાગના વિસ્તારો વિકાસથી વંચિત રહ્યા છે. આ રજુઆતથી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. પોલીસ અને વહિવટી તંત્ર આ મામલે તપાસ કરી રહી છે. તો બીજી તરફ ભાજપનો આંતરીક જુથવાદ હવે ટોચ ઉપર આવી ગયો હોય તેવુ લાગી રહ્યુ છે.

ગરવી ગુજરાતના અહેવાલની અસર


# વિધાનસભા સત્રમાં થશે બીલ મંજુરઃ એસટી, એસસી અને ઓબીસી વિદ્યાર્થીઓ માટે વિદેશ સહાય/લોનમાં થશે વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા મેડીકલમાં અભ્યાસ મેળવતા વિદ્યાર્થીઓનું ફી નુ ધોરણ વધારી દેવામાં આવ્યુ છે. તેની સામે સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ ના તાંબા હેઠળના નિગમોમાંથી વિદેશ અભ્યાસ અર્થે જતા મેડીકલ વિદ્યાર્થીઓની લોન / સહાયમાં વધારો કરવામાં આવ્યો ન હોવાના સમાચારો ગરવી ગુજરાત અખબારમાં પ્રસિધ્ધ થયા હતા.

આ અંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના અંગત સચિવ ના કહેવા પ્રમાણે આગામી વિધાનસભા સત્રમાં આ બીલ મંજુર થશે. જેમાં એસસી /





ઓબીસી અને એસટી સમાજના વિદેશ અભ્યાસ અર્થે જતા તમામ વિદ્યાર્થીઓની લોન / સહાયમાં વધારો થનાર છે. જેથી આગામી શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓને ફી ભરવામાં કોઈ તકલીફ પડશે નહી આ અંગે મંત્રીશ્રીએ પણ સરકારનુ ધ્યાન દોર્યુ હોવાનુ જણાવ્યુ હતું. જેથી હવે આગામી વિધાનસભા સત્રમાં બીલ પાસ કરાવ્યા બાદ કેટલો વધારો થાય છે તે અંગે તેઓએ સત્રમાંજ ખબર પડશે તેવુ તેમણે જણાવ્યુ હતું.

# ભાદરવી પૂનમના દિવસે અંબાજીમાં બપોરે પછી દર્શન પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

યાત્રાધામ અંબાજી ખાતે આગામી ભાદરવી પુનમ નો મેળા તારીખ ૦૧ સપ્ટેમ્બર થી પ્રારંભ થવા જઈ રહ્યો છે.

આ ભાદરવી પુનમ નો મેળો ૦૭ સપ્ટેમ્બર સુધી ૭ દિવસ ચાલશે. આ મેળા માં આવતાં લાખ્ખો પદયાત્રીઓ ને શાંતી અને સરળતા થી દર્શન નો લાભ સરળતાથી મળી શકે તે માટે મેળાનાં આ સાત દિવસ માંટે દર્શન આરતીનાં સમય માં ફેરફાર સાથે વધારો કરાયો છે. મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવનાર હોઈ તમામ ને દર્શનનો લાભ મળી રહે તેમાટે દર્શનનાં સમયમાં વધારો કરાયો છે. જે આરતી સવારે ૦૭.૩૦ કલાકે થતી હતી તેનાં બદલે મેળા નાં મેળાના સાતે દિવસ સવાર ની આરતી ૦૬.૦૦ થી ૦૬.૩૦ સુધી થશે. સવારે દર્શન ૦૬.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી.. જ્યારે બપોરે દર્શન ૧૨.૩૦ થી સાંજ નાં ૦૫.૦૦ કલાક સુધી ખુલ્લા રહેશે. સાંજ ની આરતી ૦૭.૦૦ થી ૦૭.૩૦ સુધી અને રાત્રી નાં દર્શન સાંજે ૦૭.૩૦ થી રાતનાં ૦૯.૦૦ ના બદલે મોડી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી મંદિર ખુલ્લા રાખવાનો નિર્ણય ટ્રસ્ટ દ્વારા લેવાયો છે. જોકે આ વખતે ભાદરવી પૂનમને ચંદ્ર ગ્રહણ હોવાથી ભાદરવી પૂનમને અંબાજી મંદિર માં બપોરે ૧૨.૩૦ કલાકે રાજભોગ ધરાવ્યા બાદ મંદિર બંધ કરવામાં આવશે અને ૧૨.૩૦ વાગ્યા બાદ મંદિર ન શિખરે ધજા પણ ચઢાવી શકાશે નહીં.

# અમદાવાદની સેવન્થ ડે સ્કુલ માં થયેલ હત્યાને મામલે ધારાસભ્ય કિરીટ પટેલે આપી પ્રતિક્રિયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં સેવન્થ ડે સ્કુલમાં ધો. ૧૦ ના વિદ્યાર્થીની હત્યાનો મામલો ગરમાયો છે. આ શાળાના એક જુનીયર વિદ્યાર્થીએ ૧૫ વરસના નયનને તિક્ષ્ણ હથિયાર વડે મારી નાખ્યો છે. જેના પ્રત્યાઘાત સમગ્ર મણીનગરમાં પડયા છે, આ હત્યાને લઈ રાજકારણ ગરમાયુ છે,

આ અંગે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ટી વી સીરીયલો અને સોશીયલ મીડીયાના માધ્યમથી નાના બાળકોમાં ખરાબ અસર પેદા થઈ છે, વધુમાં ધારાસભ્યશ્રીએ






કહ્યુ હતુ કે હવે લોકોને કાયદાનો કે સરકારનો ડર રહ્યો નાથી, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી રહી છે. સરકાર પ્રજાને સુરક્ષા અને સલામતી આપવામાં નિષ્ફળ નિવડી છે. વધુમાં ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે ધો. ૧૦ ના વિદ્યાર્થી નયનના હત્યારાને કડકમાં કડક સજા થાય તેવી મારી પાર્ટી અને મારી માંગ છે.